# નાણાં મંત્રાલય
# આર્થિક બાબતોનું ખાતું
# (કેપિટલ માર્કેટ વિભાગ)
# રાજીવ ગાંધી ઈક્વિટી સ્કીમ – આરજીઈએસએસ વિશેના સામાન્ય પ્રશ્નો

**અનુક્રમણિકા**

**I.** આરજીઈએસએસનો ઉદ્દેશ અને કાનૂની પાસાં

- આરજીઈએસએસ શું છે?
- સ્કીમનો ઉદ્દેશ શું છે?
- આરજીઈએસએસ માટે કઈ કાનૂની જોગવાઈ કરાઈ છે?
- શું ઈક્વિટી બજારમાં પ્રથમ વાર પ્રવેશનારા રોકાણકારોને આનાથી નુકસાન નહીં થાય? શું તેમના માટે ઈક્વિટી બજારમાં રોકાણ કરવાનું જોખમી નહીં હોય?
- અમે ઈક્વિટી લિન્ક્ડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ)માં રોકાણ કરી લીધું છે, તો આરજીઈએસએસ શા માટે ?
- અન્ય કરબચત યોજનાઓની તુલનાએ આરજીઈએસએસના લાભ/મુખ્ય વિશેષતાઓ કયાં છે?

**II.** સ્કીમની વ્યાપ્તિઃ આરજીઈએસએસ હેઠળ પાત્ર રોકાણકારો અને રોકાણો

- સ્કીમ હેઠળ કોને આવરી લેવાશે? નવા રોકાણકાર કોણ કહેવાશે?
- હું બિનરહીશ ભારતીય (નોન-રેસિડન્ટ ઈન્ડિયન) છું; શું હું આરજીઈએસએસ માટે પાત્ર ગણાઉં?
- મારી પાસે મ્યુચ્યુઅલ ફંડ અને/અથવા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સના યુનિટ છે; હું આરજીઈએસએસ માટે પાત્ર ગણાઉં?
- મારી પાસે કેટલાક શેર્સ કાગળ સ્વરૂપે પડેલા છે; શું હું આરજીઈએસએસ હેઠળ પાત્ર ગણાઉં?
- આ સ્કીમ હેઠળ રોકાણના કયા વિકલ્પો ઉપલબ્ધ છે? આરજીઈએસએસ હેઠળ કઈ સિક્યોરિટીઝ "એલિજિબલ સિક્યોરિટીઝ" (પાત્ર સિક્યોરિટીઝ) છે?
- મને આ પાત્ર શેરો અંગેની માહિતી ક્યાંથી મળી શકે?
- આરજીઈએસએસ હેઠળ ફક્ત ટોચના **100** શેર્સમાં રોકાણ માટેની છૂટ હોવાનું કારણ શું છે ?

- મેં જ્યારે રોકાણ કર્યું ત્યારે અમુક શેર બીએસઈ-**100**માં સામેલ હતો; એ પછી એક્સચેન્જે એ શેરને બીએસઈ-**100**માંથી દૂર કર્યો. આવામાં હું મારાં રિટર્ન્સ ફાઈલ કરું તો મારું મૂડીરોકાણ આરજીઈએસએસ માટે પાત્ર ગણાય?
- મેં માર્ચ મહિનામાં આઈપીઓમાં અરજી કરી હતી, પણ કંપની એપ્રિલમાં એટલે કે પછીના નાણાકીય વર્ષે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થઈ, તો મારું રોકાણ પાત્ર ગણાય?
- હું સિક્યોરીટી બજારમાં મહત્તમ કેટલું રોકાણ કરી શકું? શું હું હપ્તાઓમાં રોકાણ કરી શકું?
- શું હું મારાં રોકાણોને બે નાણાકીય વર્ષમાં વિભાજિત કરી આરજીઈએસએસ હેઠળ ડિડક્શનનો ક્લેઈમ કરી શકું?
- આરજીઈએસએસ હેઠળ મને કેટલી કરકપાત મળી શકે?
- મેં કલમ **80**સી હેઠળ કરલાભનો દાવો કર્યો છે. શું હું આરજીઈએસએસના પણ લાભ મેળવી શકું?
- શું હું રૂા. **50,000** કરતાં વધુ રોકાણ કરીને આરજીઈએસએસ હેઠળ કરલાભનો દાવો કરી શકું?
- મેં એક કંપની 'એ' ના શેર્સ રૂા.**70,000**માં ખરીદ્યા છે જે આરજીઈએસએસ હેઠળ પાત્ર છે; હવે હું રૂા. **50,000**થી ઉપરના રોકાણને કેવી રીતે સ્વતંત્ર રાખી શકું?
- મારે ફોર્મ 'બી' ક્યારે સુપરત કરવું જોઈએ? તેની કોઈ મુદત છે?
- શું હું ફોર્મ 'બી'માં દર્શાવાયેલી પાત્ર સિક્યોરિટીઝમાં રોકાણ કરેલી રકમ સંદર્ભે કરકપાતનો દાવો કરી શકું?

**III.** યોજનામાં સહભાગ: વિધિ અને પરિચાલન અંગેના મુદ્દા

- હું આરજીઈએસએસ પાત્ર હોય એવું મૂડીરોકાણ કઈ રીતે કરી શકું?
- પાત્ર સિક્યોરિટીઝ કયા સ્વરૂપે રાખી શકાય?
- શું મારે મારા મ્યુચ્યુઅલ ફંડ/ઈટીએફ યુનિટ્સ પણ ડિમેટ ફોર્મમાં ફેરવી લેવાં જરૂરી છે?
- આરજીઈએસએસના લાભો મેળવવા માટે રોકાણકારે માત્ર આરજીઈએસએસના શેરો માટે હોય એવું ડિમેટ એકાઉન્ટ ખોલાવવું જરૂરી છે? શું હું મારા આરજીઈએસએસ માટે ખોલાયેલા એકાઉન્ટમાં પાત્ર ન હોય તેવી સિક્યોરિટીઝ રાખી શકું?
- શું ડિમટેરિયલાઇઝેશન દ્વારા અથવા બજાર બહારના સોદા દ્વારા મારા ડિમેટ એકાઉન્ટમાં મળેલી ક્રેડિટ આરજીઈએસએસ હેઠળના લાભોના દાવાને પાત્ર ગણાય?
- હું ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે આરજીઈએસએસ માટેનું ડિમેટ એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકું?
- હું ટ્રેડિંગ એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકું?

- ડિમેટ કે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા માટે કયા દસ્તાવેજો જરૂરી છે?
- હું પેનમુક્ત વર્ગનો (સિક્કિમનો રહેવાસી) છું તો શું હું આરજીઈએસએસ એકાઉન્ટ ખોલાવી શકું?
- શું હું મારા ટ્રેડિંગ અને ડિમેટ એકાઉન્ટ્સનું સંચાલન ઈન્ટરનેટ મારફતે કરવાની સુવિધા માગી શકું?
- શું હું વર્તમાન ડિમેટ એકાઉન્ટને આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરી શકું?
- હું ફોર્મ 'એ', ફોર્મ 'બી', વગેરે ક્યાંથી મેળવી શકું?
- શું હું આરજીઈએસએસ માટે એકથી વધારે ડિમેટ એકાઉન્ટ નિયુક્ત કરી શકું?
- શું આરજીઈએસએસ માટે ઓછા ખર્ચનું ડિમેટ એકાઉન્ટ છે?
- સિક્યોરિટીઝ બજારમાં કામકાજ કરતી વખતે શું કરવું અને શું ન કરવું જોઈએ?
- સિક્યોરિટીઝ માર્કેટમાં મારા સોદા સંબંધિત ફરિયાદો શું કઈ રીતે નોંધાવી શકું?

**IV. આરજીઈએસએસ હેઠળ લોક-ઈન શરતોનો અમલ અને સિક્યોરિટીઝનું મૂલ્યાંકન**

- આરજીઈએસએસ હેઠળ કરલાભ મેળવવા કરવામાં આવેલા પ્રારંભિક રોકાણના મૂલ્યાંકન (વેલ્યુએશન)નો આધાર કયો?
- આરજીઈએસએસ હેઠળ મૂડીરોકાણ જાળવી રાખવાનો સમયગાળો શું છે?
- 'ફિકસ્ડ લોક-ઈન' પિરિયડ એટલે શું?
- લોક-ઈન પિરિયડ ક્યારથી શરૂ થાય? ખરીદીની તારીખથી કે ડિમેટ એકાઉન્ટમાંની સિક્યોરિટીઝ જમા થયાની તારીખથી?
- જો ફિક્સ્ડ લોક-ઈન પિરિયડ આરજીઈએસએસ હેઠળ પ્રાપ્ત સિક્યોરિટીઝના છેલ્લા દિવસથી ગણવામાં આવે તો, લોક-ઈન પિરિયડ ત્રણ વર્ષથી વધી ન જાય?
- 'ફિકસ્ડ લોક-ઈન' પિરિયડ દરમિયાન આરજીઆઈએસએસ હેઠળ જાહેર કરેલી પાત્ર સિક્યોરિટીઝને હું વેચી/ ગીરવે રાખી શકું?
- 'ફ્લેક્સિબલ લોક-ઈન' પિરિયડ શું છે?
- હું ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન ટ્રેડ/વેચાણ કરી શકું?
- ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન સિક્યોરિટીઝનું મૂલ્યાંકન કઈ રીતે કરવામાં આવશે?

- ડિપોઝિટરીઝે મૂલ્યાંકનના અપનાવેલા સર્વસામાન્ય સિદ્ધાંતો અને આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝના મૂલ્યાંકન વચ્ચે કોઈ તફાવત છે?
- ત્રણ વર્ષના લોક-ઈન પિરિયડની શરતનો અમલ કઈ રીતે કરાશે?
- જો હું 'ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ'માં પાત્ર સિક્યોરિટીઝનું ટ્રેડિંગ (વેચાણ/ખરીદી) ન કરું તો શું થશે?
- ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડના અંતે મારા ડિમેટ એકાઉન્ટનું શું થશે?

**V. દેખરેખ અને દંડ**

- મારે આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝનું મૂલ્યાંકન સ્કીમની જોગવાઈઓના પાલન માટે કરવું જોઈએ?
- હું કરકપાતનો દાવો કઈ રીતે કરી શકું?
- મને નવા રિટેલ રોકાણકાર તરીકેનું સર્ટિફિકેટ અને ખાતાનું વાર્ષિક એકાઉન્ટ સ્ટેટમેન્ટ કોણ આપશે?
- જો હું આરજીઈએસએસની શરતોનો ભંગ કરું તો કેટલો દંડ થાય છે?
- વિભિન્ન પ્રકારની કોર્પોરેટ એક્શન્સ, જેવી કે સ્પ્લિટ, કોન્સોલિડેશન, બોનસ, રાઈટ્સ, વગેરેની અસર ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ દરમિયાન કેવી રહેશે?
- સ્કીમ પર દેખરેખ કઈ રીતે રાખવામાં આવે છે?
- વધુ વિગતો માટે મારે ક્યાં સંપર્ક કરવો?

## I. આરજીઈએસએસના હેતુ અને કાનૂની પાસાં

- **આરજીઈએસએસ શું છે?**

રાજીવ ગાંધી ઈક્વિટી સેવિંગ્સ સ્કીમ (આરજીઈએસએસ) એ કરબચત માટેની યોજના છે, જેની જાહેરાત કેન્દ્રના વર્ષ 2012-13ના અંદાજપત્રમાં કરવામાં આવી હતી. આ સ્કીમ સિક્યોરિટીઝ બજારમાં પ્રથમ વાર રોકાણ કરનારા એવા વ્યક્તિગત રોકાણકારો માટે ખાસ તૈયાર કરવામાં આવી છે, જેમની વાર્ષિક કુલ આવક રૂા. 12 લાખ કે તેથી ઓછી છે. રોકાણકારને તેની કરપાત્ર આવકમાંથી મહત્તમ રૂા. 50,000ને આધીન રોકેલી રકમના 50 ટકા રકમ આવકવેરાની કલમ 80સીસીજી હેઠળ એ વર્ષે બાદ મળશે.

- **સ્કીમનો ઉદ્દેશ શું છે?**

કેન્દ્રિય બજેટ 2012-13માં જાહેર કર્યા પ્રમાણે સ્કીમનો હેતુ બચતોના પ્રવાહને મૂડીબજારમાં વાળવાનો અને સ્થાનિક મૂડીબજારનો પાયો વિસ્તૃત બનાવવાનો છે. આથી ભારતમાં 'ઈક્વિટી કલ્ચર'ના વિકાસને ઉત્તેજન આપશે. આ સ્કીમનો ઉદ્દેશ ભારતીય સિકયોરિટીઝ માર્કેટમાં નાના રોકાણકારોનો સહભાગ વધારવાનો તેમ જ નાણાકીય સ્થિરતા અને નાણાકીય સર્વસમાવેશનો પણ છે.

- **આરજીઈએસએસ માટે કઈ કાનૂની જોગવાઈ કરાઈ છે?**

'નવા રિટેલ રોકાણકારો' કે જેમની કુલ વાર્ષિક આવક રૂા. 12 લાખ કે તેથી ઓછી હોય તેમને 'પાત્ર સિક્યોરિટીઝ'માં કરેલા રૂા. 50,000 સુધીના રોકાણ પર કરલાભ આપવા ફાઈનાન્સ ઍક્ટ 2012 અન્વયે આવકવેરા ધારા, 1961માં ઈક્વિટી સેવિંગ્સ સ્કીમ હેઠળ ડિડક્શન સંબંધિત નવી કલમ 80સીસીજી ઉમેરવામાં આવી છે.

આરજીઈએસએસની વિગતો 23 નવેમ્બર, 2012 (કલમ નં. 2777(ઈ); નોટિફિકેશન નં. 51) અને એ પછી 5 ડિસેમ્બર 2012ની તારીખના ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ દ્વારા બહાર પાડવામાં આવેલા સુધારા (કલમ નં. 2835; નોટિફિકેશન નં. 53)માં જણાવાયેલી છે. પરિચાલન માર્ગદર્શિકા સેબી દ્વારા 6 ડિસેમ્બર, 2012ના રોજ ઈશ્યુ કરવામાં આવી છે.

- **શું ઈક્વિટી બજારમાં પ્રથમ વાર પ્રવેશનારા રોકાણકારોને આનાથી નુકસાન નહીં થાય? શું તેમના માટે ઈક્વિટી બજારમાં રોકાણ કરવાનું જોખમી નહીં હોય?**

સિક્યોરિટીઝ બજારમાં અન્ય કોઈ પણ રોકાણકારની જેમ આરજીઈએસએસમાંના રોકાણકારો પણ ઈક્વિટી બજારમાં નાણાં ગુમાવવાનું જોખમ ધરાવે છે. આ સ્કીમ વળતરની કોઈ ખાતરી આપતી નથી. આથી આરજીઈએસએસના રોકાણકારોને ઈક્વિટી બજારમાં રોકાણ કરતાં પૂર્વે આવશ્યક સજાગતા રાખવાની સલાહ છે. જોકે સ્કીમની રચના કરતી વખતે મોટી મૂડી (લાર્જ કેપ) ધરાવતી મર્યાદિત કંપનીઓના શેરોમાં રોકાણની છૂટ, બજારની હકારાત્મક ચાલનો લાભ ઉઠાવી શકાય એ માટેની પર્યાપ્ત મોકળાશ રહે એ રીતનો લોક-ઈન પિરિયડ, વગેરે જોગવાઈઓ કરવામાં આવી છે, જેથી પ્રથમ વાર રોકાણ કરનારાઓનાં હિતોનું જતન થઈ શકે. વૈવિધ્યકરણ અને એને પગલે જોખમ ઓછું કરવા માટે સ્કીમ હેઠળ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) અથવા મ્યુચ્યુઅલ ફંડોમાં સ્કીમમાં નિશ્ચિત કરાયેલાં ધોરણો પ્રમાણે રોકાણ કરવાની છૂટ આપવામાં આવી છે.

- **અમે ઈક્વિટી લિન્કડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ)માં રોકાણ કરી લીધું છે, તો આરજીઈએસએસ શા માટે ?**

ઈએલએસએસ અને આરજીઈએસએસ એકબીજાથી સાવ ભિન્ન છે તેઓ ભિન્ન ભિન્ન વર્ગની અસ્કયામતો સંબંધિત છે, જે પરોક્ષ મૂડીરોકાણના વિકલ્પો પૂરા પાડે છે. ઈએલએસએસ શેરબજારમાં પરોક્ષ મૂડીરોકાણ માટે છે, જ્યારે આરજીઈએસએસ શેરબજારમાં સીધું મૂડીરોકાણ કરવાનું ઉત્તેજન પૂરું પાડે છે. બંનેના પરિચાલનના તફાવતો નીચે જણાવ્યા પ્રમાણે છે

| પરિચાલનના તફાવતો | |
|---|---|
| **ઈએલએસએસ** | **આરજીઈએસએસ** |
| મ્યુચ્યુઅલ ફંડ્સમાં મૂડીરોકાણ | મૂડીરોકાણ સીધું લિસ્ટેડ ઈક્વિટી અથવા ઈક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સ, ઈટીએફમાં કરવાનું રહેશે. |
| ઈએલએસએસ હેઠળ 100 ટકા ડિડક્શન (રૂા. 1,00,000 સુધી) | આરજીઈએસએસ હેઠળ માત્ર 50 ટકા ડિડક્શન (વધુમાં વધુ રૂા. 25000) ઉપલબ્ધ રહેશે. |
| ઈએલએસએસ લાભ આઈટી એક્ટની કલમ 80 સી હેઠળ આવે છે, જેની એલઆઈસી પોલિસી, પીપીએફ વગેરે પાત્ર ઈન્સ્ટ્રુમેન્ટસમાં રોકાણ માટેની કુલ મર્યાદા રૂા. 1,00,000 છે. | આરજીઈએસએસ કલમ 80સીસીજી હેઠળ ઉપલ્ધ છે. કલમ 80સી લિમિટ ઉપરાંતનું આ માત્ર આરજીઈએસએસ માટેનું અલગ ડિડક્શન છે. |
| લોક- ઈન પિરિયડ 3 વર્ષનો | લોક- ઈન પિરિયડ 3-વર્ષનો છે. જોકે એક વર્ષ બાદ ટ્રેડિંગની છૂટ છે, જે શરતોને આધીન છે. |
| મૂડીરોકાણો મ્યુચ્યુઅલ ફંડોમાં હોવાથી તે ઓછાં જોખમી ગણાશે. | મૂડીરોકાણ ઈક્વિટી/ જોખમી/ માલિકી મૂડીમાં હોવાથી વધુ જોખમી ગણાશે. |

- **અન્ય કરબચત યોજનાઓની તુલનાએ આરજીઈએસએસના લાભ/મુખ્ય વિશેષતાઓ કયાં છે?**

આરજીઈએસએસના લાભ આ પ્રમાણે છે:

- આવકવેરા ધારાની કલમ 80સી હેઠળ ઉપલબ્ધ રૂા. 1,00,000 સુધીની કરલાભની મર્યાદા ઉપરાંત કલમ 80 સીસીજી હેઠળ કરકપાત ઉપલબ્ધ હોવાથી તે મધ્યમવર્ગના રોકાણકારો માટે આકર્ષક છે.
- વધુમાં ડિવિડંડની આવક પણ કરમુક્ત છે.
- રોકાણકારો કેટલીક શરતોને આધીન રહીને એક વર્ષના લોક-ઈન પિરિયડ બાદ પોર્ટફોલિયોની લે-વેચ કે તેમાં ફેરફાર કરી શકે છે.
- આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝના બજારમૂલ્યમાં વધારો થવાને લીધે થયેલા લાભને એક વર્ષ એટલે કે લોક-ઈન પિરિયડ બાદ પ્રાપ્ત કરી શકાશે. બજારના સામાન્ય ઘટાડાથી રોકાણકારોનું રક્ષણ કરવા માટેની જોગવાઈઓ કરવામાં આવી છે, જે કરરાહતનાં અન્ય બધાં સાધનોથી વિપરીત છે.

- તાકીદની પરિસ્થિતિમાં વળવા નિશ્ચિત લોક-ઈન પિરિયડ બાદ શેરો ગીરવે રાખી શકાય છે અથવા વેચી પણ શકાય છે.
- તમારા એક આરજીઈએસએસ ડિમેટ ખાતામાં રૂા. 50,000 સુધીના મૂડીરોકાણ માટે જો તમે બેઝિક સર્વિસ ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું હોય તો મેન્ટેનન્સ ચાર્જીસ શૂન્ય અને રૂા. 200,000 સુધીના મૂડીરોકાણ માટે રૂા. 100 છે.
- જે વર્ષમાં કરકપાતનો દાવો કરાય એ પ્રથમ નાણાકીય વર્ષ દરમિયાન હપ્તાવાર મૂડીરોકાણ કરી શકાશે.

## II. સ્કીમની વ્યાપ્તિઃ આરજીઈએસએસ હેઠળ પાત્ર રોકાણકારો અને રોકાણો

- **સ્કીમ હેઠળ કોને આવરી લેવાશે? નવા રોકાણકાર કોણ કહેવાશે?**

જેમની કુલ વાર્ષિક આવક રૂા. 12 લાખ કે તેથી ઓછી છે , તે બધા રોકાણકારો માટે આ સ્કીમ ઉપલબ્ધ છે.
નવો રોકાણકાર એટલે એવી વ્યક્તિ-

- જે નિવાસી ભારતીય છે. (કોર્પોરેટ હસ્તીઓ/ ટ્રસ્ટો વગેરેને આ લાભ નહિ મળે).
- જેણે ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું નથી અને આરજીઈએસએસ એકાઉન્ટ ખોલાવ્યાની તારીખ સુધીમાં ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં કોઈ ટ્રેડિંગ નથી કર્યું.
- જેણે ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું છે અને આરજીઈએસએસ માટેનું નિયુક્ત ખાતું ખોલાવ્યાની તારીખ સુધીમાં ઈક્વિટી અને અથવા/ ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં કોઈ સોદા કર્યા નથી.

સંયુક્ત ખાતાના કિસ્સામાં માત્ર પ્રથમ ધારકને વર્તમાન નાનો રોકાણકાર ગણવામાં આવશે. પ્રથમ ખાતાધારક સિવાયના બધા વર્તમાન ખાતાધારકો (ઉદાહરણરૂપે બીજા/ત્રીજા ધારક કે અન્ય ધારકો) અથવા વર્તમાન ખાતાધારકોના પ્રતિનિધિઓ (નોમિનીઓ)ને, જો તેઓ પાત્ર હશે તો તેમને નવું આરજીઈએસએસ ખાતું ખોલવા માટે ગણતરીમાં લેવાશે.
પ્રથમ ધારક તરીકે ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું હોય, પરંતુ ઈક્વિટી અથવા ડેરિવેટીવ્ઝ સેગમેન્ટમાં સોદા ન કર્યા હોય એવા કિસ્સામાં પ્રથમ ધારક પાત્ર રહેશે.
નવા રિટેલ રોકાણકારે આરજીઈએસએસ હેઠળના લાભ પ્રાપ્ત કરવા ડિમેટ ખાતું ખોલાવવા સમયે કે વર્તમાન ડિમેટ એકાઉન્ટને નિયુક્ત કરવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી)ને ફોર્મ 'એ' ફોર્મમાં એક પ્રતિજ્ઞાપત્ર (ડિક્લેરેશન) સુપરત કરવાનું રહેશે.
પાત્ર સિક્યોરિટીઝ, જે આવું ખાતું ખોલાવ્યા બાદ ખરીદવામાં આવી હોય તે આપોઆપ તેના રૂા. 50,000 સુધીના મૂલ્ય માટે લોક-ઈન પિરિયડને આધીન રહેશે. જો આમાં ફેરફાર હોય તો રોકાણકારે આ સંબંધમાં ફોર્મ 'બી' સુપરત કરવાનું રહેશે.

- **હું બિનરહીશ ભારતીય (નોન-રેસિડન્ટ ઈન્ડિયન) છું; શું હું આરજીઈએસએસ માટે પાત્ર ગણાઉં?**

ના.

- **મારી પાસે મ્યુચ્યુઅલ ફંડ અને/અથવા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સના યુનિટ છે; હું આરજીઈએસએસ માટે પાત્ર ગણાઉં?**

હા. અગાઉ મ્યુચ્યુઅલ ફંડ્સ અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સમાં રોકાણ કર્યું હોય તેથી રોકાણકાર આ સ્કીમ માટે અપાત્ર ઠરતો નથી. જોકે, તમારે આરજીઈએસએસ પાત્ર મ્યુચ્યુઅલ ફંડ/ઈટીએફ સ્કીમ્સમાં નવેસરથી રોકાણ કરવું પડશે અને આરજીઈએસએસના લાભ પ્રાપ્ત કરવા તેને ડિમેટ એકાઉન્ટમાં ધારણ કરી રાખવાં પડશે.

- **મારી પાસે કેટલાક શેર્સ કાગળ સ્વરૂપે પડેલા છે; શું હું આરજીઈએસએસ હેઠળ પાત્ર ગણાઉં?**

હા. અન્ય રીતે તમે પાત્ર હો તો તમને નવા રિટેલ રોકાણકાર ગણવામાં આવશે. આરજીઈએસએસના લાભ પ્રાપ્ત કરવા નવું રોકાણ કરવું પડશે. પોતાના જે શેરો ડિમટેરિયલાઇઝ કરાય એ શેરો પર તમને આ લાભ મળશે નહિ.

- **આ સ્કીમ હેઠળ રોકાણના કયા વિકલ્પો ઉપલબ્ધ છે? આરજીઈએસએસ હેઠળ કઈ સિક્યોરિટીઝ "એલિજિબલ સિક્યોરિટીઝ" (પાત્ર સિક્યોરિટીઝ) છે?**

આ સ્કીમ હેઠળ મૂડીરોકાણ વિકલ્પો ઈક્વિટીઝની નીચે જણાવાયેલી શ્રેણીઓ પૂરતા મર્યાદિત છેઃ
લિસ્ટેડ ઈક્વિટી શેર્સ
એ. એનએસઈ અને બીએસઈના ટોચના 100 શેરો એટલે કે સીએનએક્સ-100/બીએસઈ-100માંના શેરો (આનો અર્થ એ નથી કે વ્યક્તિએ માત્ર એનએસઈ અને બીએસઈ મારફત જ સોદો કરવો. જો બીએસઈ-100 કે સીએનએક્સ- 100માંની સિક્યોરિટીઝનું અન્ય નવું એક્સચેન્જ કે જે ગમે ત્યારે શરૂ થાય, તેના મારફત પણ ટ્રેડિંગ થઈ શકે).
બી. જેમને સરકારે મહારત્ન, નવરત્ન અને મિનિરત્ન તરીકે વર્ગીકૃત કર્યાં છે એવા જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ)ના શેરો.
સી. (એ) અને/ અથવા (બી)માંના શેરોનાં કોમ્બિનેશન્સ કે જે લિસ્ટેડ છે અને સ્ટોક એક્સચેન્જમાં ટ્રેડિંગ અને ડિપોઝિટરી મિકેનીઝમ દ્વારા જેની પતાવટ થાય છે (ઉદાહરણ તરીકે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)/મ્યુચ્યુઅલ ફંડ (એમએફ) સ્કીમ્સ કે જેના અંડરલાઇંગ તરીકે ઉપરોક્ત (એ) અને/અથવા (બી)માં જણાવેલી આરજીઈએસએસ માન્ય સિક્યોરિટીઝ હોય, સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ હોય અને જેની પતાવટ ડિપોઝિટરી મારફત થતી હોય).
ડી. (એ) અને/ અથવા (બી)ની ફોલો-ઓન પબ્લિક ઓફર્સ (એફપીઓઝ)
ઈ. ઉપરોક્ત (સી)ની ન્યુ ફંડ ઓફર્સ (એનએફઓ)
અનલિસ્ટેડ શેર્સ
એફ. પીએસયુની ઈનિશિયલ પબ્લિક ઓફર્સ (આઈપીઓઝ), જે સંબંધિત નાણાકીય વર્ષમાં લિસ્ટેડ થવાના હોય અને જેમાં સરકારનું હોલ્ડિંગ ઓછામાં ઓછું 51 ટકા અને વાર્ષિક ટર્નઓવર તરતના ભૂતકાળનાં ત્રણ વર્ષમાં રૂા. 4000 કરોડથી ઓછું ન હોય.
(મૂડીરોકાણના સમયે જે ધોરણો હોય એ ધોરણો લાગુ પડશે)

- **મને આ પાત્ર શેરો અંગેની માહિતી ક્યાંથી મળી શકે?**

તમામ પાત્ર સિક્યોરિટીઝની તેમ જ નવીનતમ યાદી સમયાંતરે એક્સચેન્જો/ડિપોઝિટરીઝ/એએમએફઆઈની વેબસાઈટ્સ પર મૂકવામાં આવશે.
વિગતવાર માહિતી માટે સેબી, એનએસઈ, બીએસઈ, એનએસડીએલ, સીડીએસએલ અને એએમએફઆઈની વેબસાઈટ્સનાં સંબંધિત પૃષ્ઠો જોઈ લેવા વિનંતી.
પાત્ર આઈપીઓ સંબંધમાં કંપનીઓ એ અંગેની માહિતી તેમના ઓફર ડોક્યુમેન્ટ્સ/જાહેરખબરોમાં પ્રકાશિત કરશે.

- **આરજીઈએસએસ હેઠળ ફક્ત ટોચના 100 શેર્સમાં રોકાણ માટેની છૂટ હોવાનું કારણ શું છે ?**

આ યોજના એવા નવા રોકાણકારો માટે તૈયાર કરવામાં આવી છે જેઓ પ્રથમ વાર ઈક્વિટી બજારમાં રોકાણ કરવાનું સાહસ કરી રહ્યા છે. શેરોની પસંદગી બીએસઈ-100 અથવા સીએનએક્સ-100માં સમાવિષ્ટ શેરો અને પસંદ કરાયેલા પીએસયુ સ્ટોક્સ પૂરતી મર્યાદિત રખાઈ છે કારણ કે તેઓ ઓછી ચંચળતા અને અધિક પ્રવાહિતા દર્શાવે છે. આ શેરોનું પર્યાપ્ત રિપોર્ટીંગ અને પૃથક્કરણ ઉપલબ્ધ છે. 100 શેરો હોવાથી મૂડીરોકાણના વૈવિધ્ય માટેનો પણ પર્યાપ્ત અવકાશ રહે છે.

- **મેં જ્યારે રોકાણ કર્યું ત્યારે અમુક શેર બીએસઈ-100માં સામેલ હતો; એ પછી એક્સચેન્જે એ શેરને બીએસઈ-100માંથી દૂર કર્યો. આવામાં હું મારાં રિટર્ન્સ ફાઈલ કરું તો મારું મૂડીરોકાણ આરજીઈએસએસ માટે પાત્ર ગણાય?**

શેરમાં જે સમયે રોકાણ કરવામાં આવે તે સમયે તે શેર બીએસઈ-100 અથવા સીએનએક્સ-100માં લિસ્ટેડ હોવો જોઈએ. મતલબ કે જો આ શેર સીએનએક્સ-100/બીએસઈ-100માંથી દૂર કરવામાં આવે તો પણ રોકાણ આરજીઈએસએસને પાત્ર ગણાશે. જો કે રોકાણકારના અધિકારો આરજીઈએસએસ પોર્ટફોલિયોમાંથી તે શેરો માત્ર વેચવા પૂરતા સીમિત રહેશે. જો રોકાણકાર ફરીથી આ જ કંપનીના શેરોની ખરીદી કરે છે/વર્તમાન શેરોમાં ઉમેરા કરે, તો આ અતિરિક્ત શેરો આરજીઈએસએસ હેઠળના મૂડીરોકાણને પાત્ર રહેતા નથી.

- **મેં માર્ચ મહિનામાં આઈપીઓમાં અરજી કરી હતી, પણ કંપની એપ્રિલમાં એટલે કે પછીના નાણાકીય વર્ષે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થઈ, તો મારું રોકાણ પાત્ર ગણાય?**

ના, માત્ર એ જ કંપની જે એ જ નાણાકીય વર્ષમાં લિસ્ટેડ થવાની હોય એ જ મૂડીરોકાણ પાત્ર ગણાશે.

- **હું સિક્યોરીટી બજારમાં મહત્તમ કેટલું રોકાણ કરી શકું? શું હું હપ્તાઓમાં રોકાણ કરી શકું?**

સિક્યોરિટીઝ બજારમાં રોકાણ કરવા માટે કોઈ નિર્દિષ્ટ મહત્તમ રોકાણ મર્યાદા નથી. જોકે, આરજીઈએસએસના લાભો માત્ર પાત્રતા ધરાવતા શેરોમાં રૂા. 50,000ના રોકાણ સુધી સીમિત છે. આ રોકાણ હપ્તામાં પણ કરી શકાય છે. પરંતુ તેના લાભો માત્ર પ્રથમ નાણાકીય વર્ષમાં જ, જ્યારે 80સીસીજી હેઠળ દાવો કરવામાં આવ્યો હોય ત્યારે જ મળી શકે. આમ જો તમે હપ્તામાં (તબક્કાવાર) રોકાણ કરો તો એ બાબતની તકેદારી રાખજો કે તમે તમારાં તમામ રોકાણો એક જ નાણાકીય વર્ષમાં કરી રહ્યા હો (એ નાણાકીય વર્ષ કે જે વર્ષે તમે આરજીઈએસએસ માટે એકાઉન્ટ ખોલી રહ્યા છો કે તમારા એકાઉન્ટને

આરજીઈએસએસ માટે નિયુક્ત કરી રહ્યા છો), કારણ કે ત્યાર પછીનાં બે વર્ષનાં રોકાણો આરજીઈએસએસ હેઠળ ગણવામાં આવશે.

- **શું હું મારાં રોકાણોને બે નાણાકીય વર્ષમાં વિભાજિત કરી આરજીઈએસએસ હેઠળ ડિડક્શનનો ક્લેઈમ કરી શકું?**

હા. ત્રણ નાણાકીય વર્ષમાં કરાયેલાં રોકાણોને સંબંધિત વર્ષમાં આરજીઈએસએસ હેઠળ બુક કરી ડિડક્શનના ક્લેઈમને પાત્ર ગણી શકાશે.
જોકે નાના રિટેલ રોકાણકારોની આર્થિક મર્યાદાઓને ધ્યાનમાં લઈને આ યોજના હેઠળ રોકાણકારોને પ્રથમ નાણાકીય વર્ષે હપ્તામાં રોકાણ કરવાની સરળતા કરી આપવામાં આવી છે.

- **આરજીઈએસએસ હેઠળ મને કેટલી કરકપાત મળી શકે?**

તમે કલમ 80સીસીજી હેઠળ રોકાણ કરવામાં આવેલી રકમના 50 ટકા સુધી કર કપાતને પાત્ર ગણાઓ, જેમ કે જો તમે આરજીઈએસએસ હેઠળ રૂા. 50,000નું રોકાણ કર્યું છે તો તમારી કરપાત્ર આવકમાંથી તમે 25,000ના કર કપાતને લાયક ઠરો છો અને જો તમે આરજીઈએસએસ હેઠળ રૂા. 40,000નું રોકાણ કર્યું છે તો તમે રૂા. 20,000ના કરકપાતને પાત્ર ઠરો છો. આ ડિડક્શન કલમ 80સી હેઠળની રૂા. 1 લાખની મર્યાદા ઉપરાંતની છે.
અન્ય શબ્દોમાં કહીએ તો જેઓ 10 ટકા આવકવેરાના ટેક્સ બ્રેકેટમાં છે તેઓ આરજીઈએસએસ હેઠળ રૂા. 50,000 સુધીના રોકાણ પર રૂા. 2,500 (વત્તા લાગુ પડતો સેસ) અને જેઓ 20 ટકા આવકવેરાના ટેક્સ બ્રેકેટમાં છે તેઓ આરજીઈએસએસ હેઠળ રૂા. 50,000 સુધીના રોકાણ પર રૂા. 5,000 (વત્તા લાગુ પડતો સેસ) તેમની કર જવાબદારીમાંથી બચાવી શકે છે.

- **મેં કલમ 80સી હેઠળ કરલાભનો દાવો કર્યો છે. શું હું આરજીઈએસએસના પણ લાભ મેળવી શકું?**

હા તમે આ લાભો મેળવી શકો છો. આરજીઈએસએસ માટે કર કપાત કલમ 80સીસીજી હેઠળ છે. અને કલમ 80સી હેઠળ રૂા. 1 લાખ કે તેથી વધુ રકમની નિર્દિષ્ટ મર્યાદા ધરાવે છે. વધુમાં આરજીઈએસએસમાં કલમ 80સીસીજી હેઠળ રોકાણ કરવા કરદાતાએ કલમ 80સીની રૂા. 1 લાખની નિર્દિષ્ટ મર્યાદા આંબવી જરૂરી નથી.

- **શું હું રૂા. 50,000 કરતાં વધુ રોકાણ કરીને આરજીઈએસએસ હેઠળ કરલાભનો દાવો કરી શકું?**

તમે આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરાયેલા ડિમેટ એકાઉન્ટમાં ગમે તેટલી રકમનું રોકાણ કરી શકો છો, પરંતુ આ યોજના હેઠળ તમે માત્ર રૂા. 50,000 સુધીના રોકાણ પર જ લાભ મેળવી શકો છો. જોકે આરજીઈએસએસ હેઠળ લાભનો દાવો કરવા તમે લોક-ઈનમાં રાખવા તમામ શેરોમાંથી રૂા. 50,000 સુધીના શેરોની પસંદગી કરી શકો છો. અત્રે એ યાદ રાખવું ઘટે કે ડિપોઝિટરી આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરાયેલા એકાઉન્ટમાં પ્રથમ વર્ષે રૂા. 50,000 સુધીની કિંમતના તમામ પાત્રતા ધરાવતા શેરોનું આપોઆપ લોક-ઈન કરશે. આથી એ ધ્યાન રાખો કે તમે સોદાની તારીખના એક મહિનાની અંદર ફોર્મ-બી દ્વારા ડિપોઝિટરીને પ્રથમ વર્ષે આરજીઈએસએસ રોકાણ હેઠળ રાખવા ન માંગતા હો તેવા શેરોના સોદાની જાણ કરશો, જેથી કોઈ પણ સમયે તમને તે સિક્યોરિટીઝ વેચવાનો/ગીરવે રાખવાનો હક રહે. એક વાર તમે કોઈ ચોક્કસ સિક્યુરિટીની ફોર્મ-બી મારફત અરજી કરી તો તેને પ્રથમ વર્ષે આરજીઈએસએસ હેઠળના કરલાભ મેળવવા પુન: ખરીદી શકતા નથી. તે પછીનાં

ફ્લેક્સીબલ લોક-ઈન પીરીયડનાં વર્ષોમાં, જો સ્ટોક આરજીઈએસએસની જોગવાઈઓ હેઠળ પાત્ર સિક્યુરિટી હોય તો તેને આરજીઈએસએસ પોર્ટફોલિયોના મૂલ્યાંકન માટે, પ્રથમ વર્ષે "એલીજીબલ સિક્યુરિટી"ના દરજ્જાને ધ્યાનમાં લીધા વિના ગણવામાં આવશે.

- **મેં એક કંપની 'એ' ના શેર્સ રૂા. 70,000માં ખરીદ્યા છે જે આરજીઈએસએસ હેઠળ પાત્ર છે; હવે હું રૂા. 50,000થી ઉપરના રોકાણને કેવી રીતે સ્વતંત્ર રાખી શકું?**

જો તમે આરજીઈએસએસ હેઠળ પાત્ર સિક્યુરિટીના રૂા. 70,000ના શેર્સ ખરીદ્યા છે તો ડિપોઝિટરી માત્ર રૂા. 50,000ના શેરોને ફિક્સ લોક-ઈનમાં રાખશે. બાકીના રૂા. 20,000ના શેર્સ લોક-ઈનમાં રહેશે નહીં .જોકે જો તમે લોક-ઈનમાં રાખવાના શેરો અંગે ચોક્કસ પસંદગી ધરાવતા હો તો પ્રં- 21ના ઉત્તરમાં જણાવ્યા મુજબ ડિપોઝિટરીને જાણ કરવાની રહેશે.

- **મારે ફોર્મ 'બી' ક્યારે સુપરત કરવું જોઈએ? તેની કોઈ મુદત છે?**

જો તમે કોઈ સિક્યોરિટીઝ આરજીઈએસએસનાં ધોરણો અને શરતોથી મુક્ત રાખવા માગતા હો તો તમારે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટને ફોર્મ બી સુપરત કરવું આવશ્યક છે. એ સિક્યોરિટીઝ ખરીદ કર્યાના કે ફાળવણીની તારીખથી એક મહિનાની અંદર આ ફોર્મ સુપરત કરવાનું રહે છે.
નોટિફિકેશનમાં જણાવ્યા પ્રમાણે ડિપોઝિટરીઓએ સંબંધિત નાણાકીય વર્ષના અંત બાદના ત્રીસ દિવસમાં એટલે કે 30 એપ્રિલ સુધીમાં આવક વેરા ખાતાને આરજીઈએસએસના લાભાર્થીઓ સંબંધિત અહેવાલ સુપરત કરી દેવાનો હોય છે. આથી, આવક વેરા ખાતાને તમારા મૂડીરોકાણ અંગેનું ખોટું રિપોર્ટિંગ નિવારવા તમને સલાહ છે કે તમે માર્ચ મહિનામાં મેળવેલી ક્રેડિટ્સ માટે વહેલામાં વહેલી તકે અને મોડામાં મોડું 15 એપ્રિલ સુધીમાં ફોર્મ બી ડિપોઝિટરી પોર્ટિસિપન્ટને સુપરત કરી દો.

- **શું હું ફોર્મ 'બી'માં દર્શાવાયેલી પાત્ર સિક્યોરિટીઝમાં રોકાણ કરેલી રકમ સંદર્ભે કરકપાતનો દાવો કરી શકું?**

  ના.

## III. યોજનામાં સહભાગ: વિધિ અને પરિચાલન અંગેના મુદ્દા

- **હું આરજીઈએસએસ પાત્ર હોય એવું મૂડીરોકાણ કઈ રીતે કરી શકું?**

કોઈ પણ ડીપી પાસે નવું ડિમેટ એકાઉન્ટ ખોલો અને તેને આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરો અથવા ફોર્મ-એ દ્વારા તમારા વર્તમાન ડિમેટ ખાતાને આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરો. જો તમે બેઝિક સર્વિસ ડિમેટ એકાઉન્ટ ખોલાવો તો તમે તમારા ડીપીને તમારા ખાતાને એ પ્રમાણે નિયુક્ત કરવા જણાવી શકો છો.
પાત્ર આઈપીઓ અથવા શેરબજારમાં કોઈ પણ પાત્ર શેરોમાં મૂડીરોકાણ કરવા તમે સેબીમાં નોંધાયેલા કોઈપણ શેરદલાલ પાસે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવી શકો છો.

જો તમે કોઈ વિતરક મારફતે મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ કરી રહ્યા હો તો તમારા ડિમેટ એકાઉન્ટમાં મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સની ક્રેડિટ્સ પ્રાપ્ત કરવા માટે તમારે માત્ર તમારા ડિમેટ એકાઉન્ટની વિગતો જેવી કે ડિમેટ એકાઉન્ટ નંબર અને ડીપી આઈડી આપવાના રહેશે.

- **પાત્ર સિક્યોરિટીઝ કયા સ્વરૂપે રાખી શકાય?**

આરજીઈએસએસ હેઠળ પાત્ર સિક્યોરિટીઝ માત્ર 'ડિમેટ એકાઉન્ટ'માં જ ધારણ કરી શકાય છે. તમે આરજીઈએસએસના લાભ લેવા માટે ભૌતિક સ્વરૂપે શેર્સ ધારણ કરી શકો નહી.

- **શું મારે મારા મ્યુચ્યુઅલ ફંડ/ઈટીએફ યુનિટ્સ પણ ડિમેટ ફોર્મમાં ફેરવી લેવાં જરૂરી છે?**

હા. મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ ડિમેટ ફોર્મમાં મેળવવા માટે તમારે તમારી એસેટ મેનેજમેન્ટ કંપની અથવા આરટીએને ભલામણ કરવાની રહેશે. વધુ વિગતો માટે સીડીએસએલ અને એનએસડીએલની સૂચનાઓ અને માર્ગદર્શન જોઈ જવા વિનંતી છે.

- **આરજીઈએસએસના લાભો મેળવવા માટે રોકાણકારે માત્ર આરજીઈએસએસના શેરો માટે હોય એવું ડિમેટ એકાઉન્ટ ખોલાવવું જરૂરી છે? શું હું મારા આરજીઈએસએસ માટે ખોલાયેલા એકાઉન્ટમાં પાત્ર ન હોય તેવી સિક્યોરિટીઝ રાખી શકું?**

આરજીઈએસએસના લાભો મેળવવા માટે તમારે અલગથી ડિમેટ એકાઉન્ટ ખોલવું જરૂરી નથી. આરજીઈએસએસના લાભો જે ડિમેટ એકાઉન્ટમાંથી તમે મેળવો છો તે જ એકાઉન્ટમાં તમે અન્ય (આરજીઈએસએસ હેઠળ આવરી લેવાયેલા શેરો સિવાયના) સિક્યોરિટીઝ પણ રાખી શકો છો. આરજીઈએસએસ હેઠળ આવરી લેવાયેલા શેરો સિવાયના શેરોમાં કરેલા રોકાણ પર આરજીઈએસએસની શરતો લાગુ પડતી નથી, તેમ જ આરજીઈએસએસ હેઠળ મળતા લાભો પણ આ શેરો માટે ગણતરીમાં લેવાતા નથી.

- **શું ડિમટેરિયલાઇઝેશન દ્વારા અથવા બજાર બહારના સોદા દ્વારા મારા ડિમેટ એકાઉન્ટમાં મળેલી ક્રેડિટ આરજીઈએસએસ હેઠળના લાભોના દાવાને પાત્ર ગણાય?**

ના. જોકે ફ્લેક્સીબલ લોક-ઈન (એટલે કે પ્રથમ વર્ષ) બાદ રોકાણકારે સ્કીમના નિયમોનું પાલન કર્યું છે કે નહી તે તપાસવા બધી આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝને ગણતરીમાં લેવાશે, પછી ભલે તે બજાર બહારથી ખરીદી દ્વારા આવી હોય કે ડિમટીરિયલાઈઝેશન દ્વારા આવી હોય.

- **હું ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે આરજીઈએસએસ માટેનું ડિમેટ એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકું?**

તમે આરજીઈએસએસ હેઠળ ડિમેટ એકાઉન્ટ ખોલવા કોઈ પણ રજિસ્ટર્ડ ડીપીનો સંપર્ક કરી શકો છો. એનએસડીએલ અને સીએસડીએલ પાસે રજિસ્ટર્ડ ડીપીની યાદી તમે અહીં જોઈ શકશો.

આરજીઈએસએસના લાભો મેળવવા માટે તમારે માત્ર સેબી દ્વારા નિર્દિષ્ટ કેવાયસી (નો યોર ક્લાયન્ટ) ધોરણોનું પાલન કરવાનું હોય છે, જે માટે ઓળખનો પુરાવો, સરનામાનો પુરાવો અને પૅન કાર્ડ નંબર જે ડીપી પાસે તમે ડિમેટ એકાઉન્ટ ખોલવા માંગતા હો તેને સુપરત કરવાના રહેશે.આ સાથે તમારે નિર્દિષ્ટ ફોર્મેટ (ફોર્મ-એ) જાહેરનામુ સોંપવાનું રહેશે.

- **હું ટ્રેડિંગ એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકું?**

તમે મૂડી બજારને લગતા સોદાઓ પાર પાડવા માટે સેબીમાં રજિસ્ટર્ડ બ્રોકર (ટ્રેડિંગ મેમ્બર) કે સબ બ્રોકરનો સંપર્ક કરી શકો છો. સેબીમાં રજિસ્ટર્ડ બ્રોકર કે સબ-બ્રોકરની યાદી તમે સેબીની વેબસાઈટ પર જોઈ શકશો.

- **ડિમેટ કે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા માટે કયા દસ્તાવેજો જરૂરી છે?**

તમારે નીચે જણાવેલા દસ્તાવેજો એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ સાથે સુપરત કરવાના રહેશે. જો તમે કોઈ અન્ય વ્યક્તિ/વ્યક્તિઓ સાથે સંયુક્ત ખાતુ ખોલવા માગતા હો તો તમામ ખાતાધારકોના નીચે જણાવેલા દસ્તાવેજો સુપરત કરવાના રહેશે.
પૅન કાર્ડની કોપી, જેના પર ધારકની પોતાની સહી હોય અને પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ પ્રત્યેક માટે ફરજિયાત છે. અરજદાર દ્વારા સુપરત કરવામાં આવેલા પ્રત્યેક દસ્તાવેજ પર તેણે પોતાની સહી કરવી આવશ્યક છે તથા વેરિફિકેશન માટે ઓરિજનલ કોપી પણ સાથે રાખવી જરૂરી છે. જો કોઈ દસ્તાવેજની ઓરિજનલ કોપી વેરિફિકેશન માટે લાવી શકાઈ ન હોય તો દસ્તાવેજો પર સહી કરવાનો હક ધરાવતી અધિકૃત હસ્તીઓની સહી કરાવવી જરૂરી છે.

1. પ્રૂફ ઓફ આઈડેન્ટિટી (પીઓઆઈ) - ઓળખનો પુરાવો
   - પાસપોર્ટ
   - વોટર આઈડી કાર્ડ
   - ડ્રાઈવિંગ લાઈસન્સ
   - ફોટોગ્રાફ સાથેનું પૅન કાર્ડ આધાર (યુનિક આઈડી) લેટર
   - અરજદારના ફોટા સાથે આઈડેન્ટિટી કાર્ડ/ ડોક્યુમેન્ટ કે જે એ) કેંદ્ર સરકાર/ રાજ્ય સરકાર અને તેના વિભાગો બી) સ્ટેચ્યુટરી (કાનૂની) અને નિયામકો, સી) જાહેર ક્ષેત્રનાં સાહસો, ડી) શિડ્યુલ્ડ કમર્શિયલ બેન્કો, ઈ) જાહેર નાણાકીય સંસ્થાઓ, એફ) યુનિવર્સિટીઓ સંલગ્ન કોલેજો (આ ત્યાં સુધી જ માન્ય ગણાશે, જ્યાં સુધી અરજદાર વિદ્યાર્થી હોય), જી) આઈસીએઆઈ, આઈસીડબલ્યુએઆઈ, આઈસીએસઆઈ, બાર કાઉન્સિલ વગેરે જેવી વ્યાવસાયિક સંસ્થાઓએ તેમના મેમ્બરોને ઈશ્યુ કરેલાં હોય અને એચ) બેન્કોએ ઈશ્યુ કરેલાં ક્રેડિટ કાર્ડ્સ/ ડેબિટ કાર્ડ્સ.

2. પ્રૂફ ઓફ એડ્રેસ (પીઓએ) એટલે કે સરનામાનો પુરાવો
   - રેશન કાર્ડ પાસપોર્ટ
   - વોટર આઈડી
   - ડ્રાઈવિંગ લાઈસન્સ

- બેન્ક પાસબુક
- ઘરવપરાશનાં બિલો જેવાં કે ઈલેક્ટ્રિસિટી બિલ્સ, ગેસ બિલ્સ (બે મહિનાથી અધિક જુનાં ન હોવાં જોઈએ) / નિવાસી ટેલિફોન બિલ્સ (બે મહિનાથી અધિક જુનાં ન હોવાં જોઈએ), નિવાસનું રજિસ્ટર્ડ કરાયેલું લીઝ અથવા સેલ એગ્રીમેન્ટ / ફ્લેટ મેઈન્ટેનન્સ બિલ / ઈન્સ્યુરન્સ કોપી
- બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ / પાસ બુક
- હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ તેમનાં ખાતાંમાં નવું સરનામું આપતા હોય ત્યારે સેલ્ફ ડેક્લેરેશન
- નીચેનામાંથી કોઈએ પણ ઈશ્યુ કરેલા સરનામાનું પ્રૂફઃ

શિડયુલ્ડ કમર્શિયલ બેન્ક્સ/ શિડયુલ્ડ કો-ઓપરેટિવ બેન્ક્સ / મલ્ટીનેશનલ ફોરેન બેન્ક્સના મેનેજરો, ગેઝેટેડ ઓફિસર્સ, નોટરી પબ્લિક, વિધાન સભા યા સંસદના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરકાર કે કાનૂની સત્તા દ્વારા ઈશ્યુ કરાયેલા દસ્તાવેજો. સરનામા સહિતના ઓળખપત્ર (આઈડેન્ટિટી) કાર્ડ / દસ્તાવેજ કે જે એ) કેંદ્ર /રાજ્ય સરકાર કે તેના વિભાગ બી) કાનૂની /નિયામક અધિકારીઓ, સી) જાહેર ક્ષેત્રના એકમો, ડી) શિડયુલ્ડ કમર્શિયલ બેન્કો, ઈ) જાહેર નાણાકીય સંસ્થાઓ, એફ) યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો (આ પ્રૂફ અરજદાર વિદ્યાર્થી હશે તેટલા સમય માટે જ માન્ય ગણાશે) અને જી) વ્યવસાયિક સંસ્થાઓ જેવી કે આઈસીએઆઈ, આઈસીડબ્લ્યુએઆઈ, બાર કાઉન્સિલ વગેરે દ્વારા તેમના સભ્યોને ઈશ્યુ કરવામાં આવ્યાં હોય.

દસ્તાવેજો એટેસ્ટ કરવા માટેની અધિકૃત વ્યક્તિઓ નોટરી પબ્લિક, ગેઝેટેડ ઓફિસર, શિડયુલ્ડ કમર્શિયલ/ કો-ઓપરેટિવ બેન્ક અથવા મલ્ટીનેશનલ ફોરેન બેન્ક્સના મેનેજર (નામ, હોદ્દા અને સીલ કોપી પર હોવાં જોઈએ).

તમારે વેરિફિકેશન માટે મૂળ દસ્તાવેજો ડીપી/ ટ્રેડિંગ મેમ્બર પાસે લઈ જવા જોઈએ. તમારો ડીપી/ ટ્રેડિંગ મેમ્બર તમારું ખાતું ખોલતી વખતે ખાતાધારક (ખાતાધારકો)નું "ઈન-પર્સન વેરિફિકેશન" (તમારી ઉપસ્થિતિમાં ચકાસણી) કરશે. તમારે એગ્રીમેન્ટ અને ચાર્જીસના શિડ્યુલની કોપી તમારા ભાવિ સંદર્ભ માટે પ્રાપ્ત કરવાનું યાદ રાખવું.

તમારો ડીપી/ ટ્રેડિંગ મેમ્બર ઓળખ/સરનામાની અતિરિક્ત સાબિતી માગી શકે છે.

- **હું પૅનમુક્ત વર્ગનો (સિક્કિમનો રહેવાસી) છું તો શું હું આરજીઈએસએસ એકાઉન્ટ ખોલાવી શકું?**

તમે પીએએન (પૅન) મુક્ત શ્રેણીના હો તો પણ આરજીઈએસએસ હેઠળના લાભ પ્રાપ્ત કરવા પીએએન ફરજિયાત છે. પીએએન કાર્ડ કઈ રીતે પ્રાપ્ત કરવું એ માટેની વધુ વિગતો માટે અહીં જુઓ.

- **શું હું મારા ટ્રેડિંગ અને ડિમેટ એકાઉન્ટ્સનું સંચાલન ઈન્ટરનેટ મારફતે કરવાની સુવિધા માગી શકું?**

હા, તે ઈચ્છનીય છે. એનાથી તમે તમારા ખાતા અને તેમાં ધારણ કરેલી સિક્યોરિટીઝના મૂલ્ય પર સતત નજર રાખી શકો છો.

- **શું હું વર્તમાન ડિમેટ એકાઉન્ટને આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરી શકું?**

હા, એ શરતે કે તમે આરજીઈએસએસ હેઠળ 'ન્યુ રિટેલ ઈન્વેસ્ટર' હોવા જોઈએ. તમારા વર્તમાન ડિમેટ એકાઉન્ટને આરજીઈએસએસ હેઠળ નિયુક્ત કરવા તમારે તમારા ડીપીને નિશ્ચિત રૂપ ('ફોર્મ એ')માં ડિક્લેરેશન સુપરત કરવું આવશ્યક છે.

- **હું ફોર્મ 'એ', ફોર્મ 'બી', વગેરે ક્યાંથી મેળવી શકું?**

તમે ફોર્મ "એ", ફોર્મ "બી" તમારા ડીપી પાસેથી મેળવી શકો અથવા વેબસાઈટ પરથી સીધું જ ડાઉનલોડ કરી શકો.

- **શું હું આરજીઈએસએસ માટે એકથી વધારે ડિમેટ એકાઉન્ટ નિયુક્ત કરી શકું?**

ના. તમે ડિપોઝિટરીઓ (એટલે કે એનએસડીએલ/ સીડીએસએલ) પાસે માત્ર એક ડિમેટ એકાઉન્ટ આરજીઈએસએસ હેઠળ ખોલાવી શકો.

- **શું આરજીઈએસએસ માટે ઓછા ખર્ચનું ડિમેટ એકાઉન્ટ છે?**

બધા વર્ગો સામેલ થઈ શકે એ માટે ડિમેટ ખાતાં ધરાવવાને ઉત્તેજન આપવા અને રિટેલ રોકાણકારોને ડિમેટ ખાતામાં સિક્યોરિટીઝ જાળવવાનો ઓછો ખર્ચ આવે એ માટે 27 ઓગસ્ટ, 2012ના રોજ નક્કી કરવામાં આવ્યું છે કે બધા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સે એવી બધી વ્યક્તિઓને મર્યાદિત સેવાઓ ધરાવતા "બેઝિક સર્વિસીસ ડિમેટ એકાઉન્ટ" (બીએસડીએ) ઉપલબ્ધ કરવાં, કે જેઓ એક જ ખાતું ધરાવે છે કે ધરાવવા માગતા હોય, કે જેનો એક જ ધારક હોય કે પ્રથમ ધારક હોય અને જેમાં ધારણ કરાયેલી સિક્યોરિટીઝનું મૂલ્ય સમયના કોઈ પણ તબક્કે રૂા. 2 લાખથી અધિક ન હોય.
આવાં ડિમેટ એકાન્ટ્સમાં જો હોલ્ડિંગ રૂા. **50,000** સુધીનું જ હશે**,** તો ડીપીઝ દ્વારા કોઈ એન્યુઅલ મેઈન્ટેનન્સ ચાર્જીસ **(**એએમસી**)** વસૂલવામાં નહિ આવે**.** રૂા. **50,001**થી રૂા. **200,000** સુધીના હોલ્ડિંગ માટે એએમસી રૂા. **100**થી અધિક નહિ હોય એવો નિયમ કરવામાં આવ્યો છે**.** પ્રથમ વારના રોકાણકારો બીએસડીએનો વપરાશ કરી શકે છે અને તેમના આરજીઈએસએસ એકાઉન્ટને બીએસડીએ એકાઉન્ટ તરીકે નિયુક્ત કરીને ઈક્વિટી બજારમાં કામકાજ કરવાનો ખર્ચ ઘટાડી શકે છે**.**
વિવિધ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ પાસે ખાતાં ખોલાવવાના તુલનાત્મક ચાર્જીસ ડિપોઝિટરીઝ - એનએસડીએલ અને સીડીએસએલની સંબંધિત વેબસાઈટ્સ પર જોઈ શકાશે**.**

- **સિક્યોરિટીઝ બજારમાં કામકાજ કરતી વખતે શું કરવું અને શું ન કરવું જોઈએ?**

કૃપયા આ સંબંધે સેબીની માર્ગદર્શિકા જુઓ**.** સલામતીની સલાહ માટે કૃપયા એક્સચેન્જીસ - બીએસઈ અને એનએસઈની વેબસાઈટ્સ જુઓ**.** એનએસડીએલ અને સીડીએસએલની રોકાણકાર માર્ગદર્શિકા પણ જુઓ**.**
સેબી રોકાણકારોના શિક્ષણ માટે અપડેટેડ અને વિસ્તૃત વેબસાઈટ **(**www.investor.sebi.gov.in**)** ચલાવે છે**.**

- **સિક્યોરિટીઝ માર્કેટમાં મારા સોદા સંબંધિત ફરિયાદો શું કઈ રીતે નોંધાવી શકું?**

કોઈ પણ ફરિયાદના કિસ્સામાં તમારે પ્રથમ તો જેની વિરુદ્ધ તમારી ફરિયાદ હોય એ સંબંધિત કંપની/ ઈન્ટરમીડિયરીનો સંપર્ક કરવો જોઈએ. સેબીએ બધાં સ્ટોક એક્સચેન્જીસ, નોંધાયેલા બ્રોકર્સ, ડિપોઝિટરીઝ, મ્યુચ્યુઅલ ફંડ્સ અને લિસ્ટેડ કંપનીઓને રોકાણકારોની ફરિયાદો નોંધવા માટે ફરિયાદ નિવારણ વિભાગ/કમ્પ્લાયન્સ ઓફિસરનો એક અલગ ઈમેઈલ આઈડી પૂરો પાડવાની જોગવાઈ કરવાનો આદેશ આપ્યો છે.

જો ફરિયાદનું નિવારણ કંપની/ ઈન્ટરમીડિયરી સ્તરે કરવામાં ન આવે તો તમે સંબંધિત ડિપોઝિટરી/ એક્સચેન્જનો સંપર્ક કરી શકો છો.

રોકાણકારોની સિક્યોરિટીઝ માર્કેટ્સ સંબંધિત ફરિયાદોના ઝડપી નિરાકરણ માટે ડિપોઝિટરીઝ અને સ્ટોક એક્સચેન્જીસે ગ્રીવન્સ રિડ્રેસલ સેલ્સની સ્થાપના કરેલી છે. ચુકવણીમાં નિષ્ફળ જનારા બ્રોકરો વિરુદ્ધના રોકાણકારોના દાવાઓને પહોંચી વળવા એક્સચેન્જીસે ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ (આઈપીએફ)ની સ્થાપના કરી છે; એક્સચેન્જીસ અને ડિપોઝિટરીઝ બ્રોકર્સ/ ડિપોઝિટર પાર્ટિસિપન્ટ્સ અને રોકાણકારો વચ્ચેની લવાદની પ્રક્રિયા આર્બિટ્રેશન પ્રોસેસ)માં પણ સહાયભૂત થાય છે.

રોકાણકારોની ફરિયાદોના નિવારણ માટેની યંત્રણાની વિગતો માટે એક્સચેન્જીસ - બીએસઈ અને એનએસઈ- અને ડિપોઝિટરીઝ - એનએસડીએલ અને સીડીએસડીએલની વેબસાઈટ્સ જુઓ.

જો એક્સચેન્જીસ/ ડિપોઝિટરીઝના સ્તરે તમારી ફરિયાદનું નિરાકરણ ન કરાય તો તમે બજારના નિયામક સેબીને ફરિયાદ કરી શકો છો. સેબી આ ઈશ્યુ, સિક્યોરિટીઝની ટ્રાન્સફર અને ડિવિડંડની ચુકવણી ન કરાયા સંબંધિત રોકાણકારોની ફરિયાદોને સીધી લિસ્ટેડ કંપનીઓ સાથે હાથ ધરશે. આ ઉપરાંત, સેબી વિવિધ રજિસ્ટર્ડ ઈન્ટરમીડિયેટ્સ જેવા કે મ્યુચ્યુઅલ ફંડ્સ, સ્ટોક બ્રોકર્સ વિરુદ્ધની અને એ સંબંધિત ફરિયાદો હાથ ધરે છે. સેબીએ પણ ઈશ્યુની પ્રક્રિયામાંથી જન્મતી વિવિધ રોકાણકાર ફરિયાદોનો નિવારણ માટેની યંત્રણાની સ્થાપના કરી છે.

સેબીએ **8** જૂન, **2011**થી નવી વેબસાઈટ આધારિત મધ્યસ્થ ફરિયાદ નિવારણ સિસ્ટમનો પ્રારંભ કર્યો છે, જેને SCORES (SEBI Complaints Redress System) કહેવાય છે. નવી સિસ્ટમમાં, ફરિયાદ દાખલ કરવાથી લઈને તેને બંધ કરવા સુધીની પ્રક્રિયા ઓટોમેટેડ માહોલમાં ઓનલાઈન થાય છે અને ઉક્ત સાઈટ પર પ્રત્યેક ફરિયાદ, નિવારણના કયા તબક્કે છે એ પણ કોઈપણ સમયે ઓનલાઈન જોઈ શકાય છે.

રોકાણકાર, કે જેને SCORESનો પરિચય નથી કે પહોંચ નથી તે લેખિત રૂપે ફરિયાદ દાખલ કરી શકે છે. આવી ફરિયાદોને સ્કેન કરી તેને SCORES પર પ્રોસેસ કરવા અપલોડ કરવામાં આવે છે. ઉપરોક્ત અનુસંધાનમાં બધી પ્રાપ્ત ફરિયાદો ઈલેક્ટ્રોનિક મોડમાં હશે, જેની સાથે વપરાશકારો દ્વારા એક્શન રિપોર્ટ્સના ઓનલાઈન અપડેશનની સુવિધા હશે.

રોકાણકારો asksebi@sebi.gov.inને લેખિત/કોલ/ મેઈલરૂપે પૃચ્છા કરી શકે છે અને તેમની પૃચ્છાઓના ઉત્તર આપવામાં આવે છે.

ટોલ ફ્રી હેલ્પલાઈન સર્વિસ નંબરો **1800 22 7575/ 1800 266 7575** રોકાણકારોને ઉપલબ્ધ છે, જે આખા ભારત અને **14** ભાષાઓ એટલે કે અંગ્રેજી, હિંદી, મરાઠી, ગુજરાતી, તમિળ, બંગાળી, મલયાલમ, તેલુગુ, ઉર્દૂ, ઓરિયા, પંજાબ, કન્નડ, આસામીઝ અને કાશ્મીરીમાં ઉપલબ્ધ છે. ટોલ ફ્રી હેલ્પલાઈન સવારે **9.30**થી સાંજે **5.30** (જાહેર રજાના દિવસો સિવાય) સુધી ઉપલબ્ધ છે. એ ઉપરાંત સેબીએ રોકાણકારોને સેવા પૂરી પાડવા બેંગલોર, ભુવનેશ્વર, ચંડીગઢ, ગૌહાટી, હૈદરાબાદ, ઈન્દોર, જયપુર, કોચી, લખનૌ અને પટના ખાતે સ્થાનિક કાર્યાલયો શરૂ કર્યાં છે.

તમે તમારી ફરિયાદોના નિવારણ/ સૂચનો સુપરત કરવા નાણામંત્રાલયના ઈકોનોમિક અફેર્સ ડિપાર્ટમેન્ટના કેપિટલ માર્કેટ ડિવિઝનનો સંપર્ક કરી શકો છો.

## IV. આરજીઈએસએસ હેઠળ લોક-ઈન શરતોનો અમલ અને સિક્યોરિટીઝનું મૂલ્યાંકન

- **આરજીઈએસએસ હેઠળ કરલાભ મેળવવા કરવામાં આવેલા પ્રારંભિક રોકાણના મૂલ્યાંકન (વેલ્યુએશન)નો આધાર કયો?**

આરજીઈએસએસ હેઠળ કરલાભ મેળવવા કરવામાં આવેલા પ્રારંભિક મૂડીરોકાણ એટલે કે રૂા. **50,000** સુધીના મૂડીરોકાણના મૂલ્યાંકન સિક્યોરિટીઝ જે ખર્ચે પ્રાપ્ત કરવામાં કરવામાં આવી હશે એના આધારે કરવામાં આવશે. એનો અર્થ એ થયો કે સ્ટોક બ્રોકર દ્વારા ઈશ્યુ કરવામાં આવેલી કોન્ટ્રેક્ટ નોટમાં દર્શાવાય છે એ બ્રોકરેજ ચાર્જીસ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ, સ્ટેમ્પ ડયુટી, સર્વિસ ટેક્સ અને અન્ય બધા વેરાઓનો તેમાં સમાવેશ કરવામાં નહિ આવે. જે સોદો થયો હોય એ સિક્યોરિટીઝ પ્રાપ્ત કરવાનો ખર્ચ (અથવા એ કિંમત કે જે કિંમતે નિર્ધારિત જથ્થો ખરીદવામાં આવ્યો હોય) ડિપોઝિટરીઓ દ્વારા સ્ટોક એક્સચેન્જ પાસેથી સીધો પ્રાપ્ત કરવામાં આવે છે. તમે આ અંગેની એન્ટ્રીઓ તમારા બ્રોકર દ્વારા આપવામાં આવેલી કોન્ટ્રેક્ટ નોટમાંની "ઈનિશિયલ ઈન્વેસ્ટમેન્ટ અન્ડર આરજીઈએસએસ'' તરીકે માહિતીનો ઉપયોગ કરી ચકાસી શકો છો.


- **આરજીઈએસએસ હેઠળ મૂડીરોકાણ જાળવી રાખવાનો સમયગાળો શું છે?**

આરજીઈએસએસ હેઠળ મૂડીરોકાણ જાળવી રાખવાનો સમયગાળો ત્રણ વર્ષ છે, જેમાં એક વર્ષના 'ફિકસ્ડ લોક-ઈન' અને બે વર્ષના 'ફ્લેક્સિબલ લોક-ઈન'નો સમાવેશ થાય છે.


ઉદાહરણઃ ધારો કે તમે **31**ડિસેમ્બર, **2012**ના રોજ રૂા. **50,000**ની સિક્યોરિટીઝ આરજીઈએસએસ નિયુક્ત ડિમેટ એકાઉન્ટમાં ખરીદી છે. પાત્ર સિક્યોરિટીઝ **30** ડિસેમ્બર, **2013** સુધી 'ફિકસ્ડ લોક-ઈન'માં અને **30** ડિસેમ્બર, **2015** સુધી 'ફ્લેક્સિબલ લોક-ઈન'માં રહેશે.

જો તમે, ધારો કે આરજીઈએસએસ કરેલા રોકાણને ત્રણ વર્ષની અંદર વેચવા માગો છો, તો તમે કેટલીક શરતોને આધીન રહી, માત્ર 'ફિકસ્ડ લોક-ઈન' પિરિયડ સમાપ્ત થયા બાદ જ તેમ કરી શકશો. એક વાર રોકાણ કરાય અને હપ્તામાં રોકાણ કરવામાં આવે તો લોક-ઈન કઈ રીતનો હશે એ નીચેના ગ્રાફમાં દર્શાવ્યું છે.

## આરજીઈએસએસ હેઠળ એક વાર રોકાણ કરાય એ માટેનો લોક-ઈન પિરિયડ




### જો હપ્તાવાર મૂડીરોકાણ કરાયું હોય ત્યારે આરજીઈએસએસ લોક-ઈન પિરિયડ



- **'ફિક્સ્ડ લોક-ઈન' પિરિયડ એટલે શું?**

'ફિક્સ્ડ લોક-ઈન' પિરિયડ સંબંધિત નાણાકીય વર્ષમાં પાત્ર સિક્યોરિટીઝના પ્રથમ સેટ ખરીદવાની તારીખથી શરૂ થઈને (એ જ નાણાકીય વર્ષમાં ખરીદેલી સિક્યોરિટીઝના છેલ્લા સેટની તારીખથી એક વર્ષ સુધીનો સમયગાળો. આ સમયગાળા દરમિયાન રોકાણકારને સિક્યોરિટીઝ વેચવા/ ગીરવે રાખવાની છૂટ નથી.

ઉદાહરણઃ

જો તમે રૂા. 20,000ના મૂલ્યની સિક્યોરિટીઝ 25 ડિસેમ્બર, 2012ના રોજ ખરીદો અને આરજીઈએસએસ નિયુક્ત ડિમેટ એકાઉન્ટમાં પાત્ર સિક્યોરિટીઝનો બીજો સેટ 31 ડિસેમ્બર, 2012ના રોજ ખરીદો, તો બંને સિક્યોરિટીઝના સેટના કિસ્સામાં 'ફિક્સ્ડ લોક-ઈન' 25 ડિસેમ્બર, 2012થી શરૂ થઈ 30 ડિસેમ્બર, 2013 સુધીનો રહેશે.

- **લોક-ઈન પિરિયડ ક્યારથી શરૂ થાય? ખરીદીની તારીખથી કે ડિમેટ એકાઉન્ટમાંની સિક્યોરિટીઝ જમા થયાની તારીખથી?**

ખરીદીની તારીખ અને સિક્યોરિટીઝ જમા થવાની તારીખ વચ્ચે સમયનો ગેપ હોય છે એટલે ફિક્સ્ડ લોક-ઈન પિરિયડ સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન ડિમેટ એકાઉન્ટમાં જમા થયાની તારીખથી શરૂ થશે અને આ સ્કીમ હેઠળ ડિડક્શન માગવામાં આવ્યું હોય એ જ નાણાકીય વર્ષમાં પાત્ર સિક્યોરિટીઝનો છેલ્લો સેટ જમા થયાની તારીખથી એક વર્ષ બાદ સમાપ્ત થશે.

- **જો ફિક્સ્ડ લોક-ઈન પિરિયડ આરજીઈએસએસ હેઠળ પ્રાપ્ત સિક્યોરિટીઝના છેલ્લા દિવસથી ગણવામાં આવે તો, લોક-ઈન પિરિયડ ત્રણ વર્ષથી વધી ન જાય?**

હા. જો રોકાણ હપ્તાઓમાં કરવામાં આવે તો પ્રથમ હપ્તો એક વર્ષથી વધુ હશે. રોકાણકારને પ્રત્યેક ફ્લેક્સિબલ લોક-ઈન પરિયડમાં આશરે 90 દિવસની (લોક-ઈન નહિ ) છૂટ અપાઈ હોવાથી ચોક્કસ સિક્યોરિટીઝ માટે પ્રથમ વર્ષના વધારાનો લોક-ઈન પિરિયડ સરભર થઈ જશે.

- **'ફિક્સ્ડ લોક-ઈન' પિરિયડ દરમિયાન આરજીઆઈએસએસ હેઠળ જાહેર કરેલી પાત્ર સિક્યોરિટીઝને હું વેચી/ ગીરવે રાખી શકું?**

ના. 'ફિક્સ્ડ લોક-ઈન' પિરિયડ દરમિયાન તમે પાત્ર સિક્યોરિટીઝનું વેચાણ, પ્લીજ અથવા હાઈપોથિકેટ ન કરી શકો.

- **'ફ્લેક્સિબલ લોક-ઈન' પિરિયડ શું છે?**

'ફિક્સ્ડ લોક-ઈન' પિરિયડની સમાપ્તિ બાદ તરત જ શરૂ થતો પિરિયડ 'ફ્લેક્સિબલ લોક-ઈન' પિરિયડ કહેવાય છે.

- **હું ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન ટ્રેડ/વેચાણ કરી શકું?**

'ફ્લેક્સિબલ લોક-ઈન' પિરિયડ દરમિયાન, તમે પાત્ર સિક્યોરિટીઝનું ટ્રેડિંગ (વેચાણ/ખરીદ)  કરી શકો છો અને તમે આરજીઈએસએસ હેઠળ કરલાભનો દાવો કરવા પાત્ર છો, માત્ર શરત એ છે કે તમારું આરજીઈએસએસ ડિમેટ એકાઉન્ટ ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ દરમિયાનના પ્રત્યેક બે વર્ષમાં ઓછામાં ઓછા બસો સીત્તેર ચક્રવૃદ્ધિ દિવસ આરજીઈએસએસ કોમ્પ્લાયન્ટ હોવું જોઈએ. આનો અર્થ એ થયો કે તમને તમારા પોર્ટ ફોલિયોમાં ફએરફાર કરવા માટે આશરે ત્રણ મહિનાનો સમય મળે છે.

- **ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન સિક્યોરિટીઝનું મૂલ્યાંકન કઈ રીતે કરવામાં આવશે?**

સ્કીમનું કમ્પ્લાયન્સ ચેક કરવા આરજીઈએસએસ પોર્ટ ફોલિયોમાંથી કરાયેલા કોઈ પણ વેચાણ બાદ બચેલી સિક્યોરિટીઝની પુરાંત ટ્રેડિંગ કરાયાના આગલા દિવસના બંધ ભાવે ગણતરીમાં લેવામાં આવશે, (કે જેનું પ્રતિબિંબ કોઈ પણ દિવસે રોકાણકારના પોર્ટફોલિયોના મૂલ્યમાં ટ્રેડિંગ કલાકો દરમિયાન પડતું હશે; રોકાણકારો નિર્ણય લઈ શકે એ માટે આમ કરવામાં આવ્યું છે). ટ્રેડિંગની તારીખ ડિપોઝિટરીઓ દ્વારા સીધી સ્ટોક એક્સચેન્જો પાસેથી મેળવવામાં આવશે.

સિક્યોરિટીઝની પુરાંતો કે જે પ્રથમ નાણાકીય વર્ષ દરમિયાન ફિક્સ્ડ લોક-ઈનમાં હતી તેને મૂલ્યાંકનની તારીખે તેના 'પાત્ર સિક્યોરિટીઝ ' તરીકેના દરજ્જાને ધ્યાનમાં લીધા વિના ગણતરીમાં લેવામાં આવશે (એનો અર્થ એ કે સિક્યુરિટી સીએનએક્સ નિફ્ટી અથવા બીએસઈ 100ની યાદીમાંથી બહાર થઈ જાય તો પણ તે ફિક્સ્ડ લોક-ઈનનો હિસ્સો હોય અને ખાતામાં જાળવી રાખવામાં આવી હોય તો તેને આરજીઈએસએસ પોર્ટફોલિયોના મૂલ્યાંકન માટે ગણતરીમાં લેવામાં આવશે).

એ. સિક્યોરિટીઝની પુરાંતો કે જે પાત્ર સિક્યોરિટીઝની યાદીમાં મૂલ્યાંકનની તારીખે છે, તે ફિક્સ્ડ લોક-ઈન હેઠળની સિક્યોરિટીઝનો હિસ્સો ન હોય તો પણ એ સિક્યોરિટીઝને ગણતરીમાં લેવામાં આવશે. ફિક્સ્ડ લોક-ઈન સમયગાળા દરમિયાન કે પછી રોકાણકાર આ સિક્યોરિટીઝ ખરીદી શક્યો હોત.

બી. ફિક્સ્ડ લોક-ઈન હેઠળની પાત્ર સિક્યોરિટીઝ પરત્વે કોર્પોરેટ એક્શનના કિસ્સા કે જેમાં અતિરિક્ત સિક્યોરિટીઝ બોનસ/ રાઈટ્સ મારફત અતિરિક્ત સિક્યોરિટીઝ જમા થઈ હોય તો તેને ફિક્સ્ડ લોક-ઈન માટે તેમ જ ફ્લેક્સિબલ લોક-ઈન માટે પાત્ર સિક્યોરિટીઝ ગણવામાં આવશે.

- **ડિપોઝિટરીઝે મૂલ્યાંકનના અપનાવેલા સર્વસામાન્ય સિદ્ધાંતો અને આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝના મૂલ્યાંકન વચ્ચે કોઈ તફાવત છે?**

હા. આરજીઈએસએસ હેઠળ કરલાભ મેળવવા પ્રારંભિક મૂલ્યાંકનનો ઉલ્લેખ પ્રશ્ન 41માં છે. ફ્લેક્સિબ લોક-ઈન પિરિયડ દરમિયાન સિક્યોરિટીઝના મૂલ્યાંકનની ભૂમિકા પ્રારંભમાં જણાવવામાં આવી છે.

ડિપોઝિટરીઝ સામાન્ય રીતે એક્સચેન્જોમાં દિવસના બંધ ભાવ (સીડીએસએલ માટે બીએસઈ ખાતેના બંધ ભાવ, એનએસડીએલ માટે એનએસઈ ખાતેના બંધ ભાવને) આધારે સિક્યોરિટીઝનું મૂલ્ય ગણવામાં આવે છે. પ્રત્યેક દિવસે બજારના કામકાજના કલાકો બાદ તેને અપડેટ કરવામાં આવે છે. આરજીઈએસએસનું મૂલ્યાંકન પ્રારંભિક મૂડીરોકાણની વાસ્તવિક પ્રાપ્તિ કિંમતે અને ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ દરમિયાન આગલા દિવસના બંધ ભાવે કરાતું હોવાથી તે ડિપોઝિટરીઝ દ્વારા અન્ય સિક્યોરિટીઝ માટે કરાતા સર્વસામાન્ય મૂલ્યાંકનથી ભિન્ન છે.

જોકે આરજીઈએસએસ લાભાર્થીઓ માટેડિપોઝિટરીઝ આરજીઈએસએસ હેઠળના મૂડીરોકાણના મૂલ્યને અલગ દર્શાવશે અને વ્યક્તિના આરજીઈએસએસ હેઠળના પ્રારંભિક મૂડીરોકાણને અને આરજીઈએસએસ પોર્ટફોલિયોના મૂલ્યને દૈનિક ધોરણે દર્શાવશે.

- **ત્રણ વર્ષના લોક-ઈન પિરિયડની શરતનો અમલ કઈ રીતે કરાશે?**

આરજીઈએસએસ હેઠળ એક વર્ષના ફિક્સ્ડ લોક-ઈન પિરિયડ સહિત કુલ ત્રણ વર્ષનો લોક-ઈ પિરિયડ હશે, જે આરજીઈએસએસ હેઠળ સિક્યોરિટીઝની કરાયેલી છેલ્લી ખરીદીની તારીખથી શરૂ થશે.

પ્રથમ વર્ષ બાદ રોકાણકારોને, ઈક્વિટી કલ્ચરને ઉત્તેજન આપવા અને બજારની વિપરીત ગતિવિધિ અથવા શેર સંબંધિત જોખમથી રક્ષવા તેમ જ નફો પ્રાપ્ત કરવાના માર્ગો પૂરા પાડવા ટ્રેડિંગની છૂટ આપવામાં આવશે.


રોકાણકારે, જોકે, વેચાણનો સોદો કરતાં પૂર્વે આ બે વર્ષ માટે મૂડીરોકાણનો સ્તર, આવક વેરાના લાભ માટે કરાયેલી રકમ અથવા પોર્ટફોલિયોના વર્ષના ઓછામાં ઓછા **270** દિવસના મૂલ્યના સ્તર એ બેમાંથી જે ઓછું હોય એ જાળવવું જોઈએ. આ પ્રક્રિયાની સ્પષ્ટતા નીચે કરવામાં આવી છે

એ. જ્યારે સ્ટોક/ /યુનિટ્સની કિંમત આગલા દિવસના બંધ ભાવ પ્રમાણે મૂકવામાં આવી હોય, ત્યારે સોદા (વેચાણ)ના દિવસે પોર્ટફોલિયોનું મૂલ્ય આરજીઈએસએસ હેઠળના કરલાભનો દાવો કરાયો હોય એ પોર્ટફોલિયોના મૂલ્ય કરતાં નીચું હોય તે સિવાય તેને ડીમ્ડ કોમ્પ્લયાન્ટ ગણવામાં આવશે. આનો અર્થ એ કે તમારા આરજીઈએસએસ બધી સિકયુરિટીઝની બજાર કિંમત પ્રમાણે તમે જ્યાં સુધી દાવો કરાયેલા લાભોની રકમથી અધિક પાત્ર સિક્યોરિટીઝ રાખો છો તો એ સ્તરથી અધિકની સિક્યોરિટીઝ વેચી શકો છો અને તમારે અન્ય સિક્યોરિટીઝ ખરીદવાની જરૂર રહેતી નથી. વધુમાં જો તમારા ખાતામાંની બધી આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝનું બજાર મૂલ્ય, તમે લાભના દાવા માટે કરેલા રોકાણની રકમથી નીચી હોય, જો તમે કોઈ સિક્યોરિટીઝ વેચી પણ ન હોય તો પણ તેને કોમ્પ્લાયન્ટ (પાલનયુક્ત) ગણવામાં આવશે, જો તમે 'વેચાણ' કરશો તો જ ઘડિયાળનો કાંટો ફરશે. આ બાબત બજારના સામાન્ય ઘટાડાઓથી રક્ષણ આપે છે.

બી. ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ દરમિયાન કોઈ વેચાણ કરાય એવા કિસ્સામાં વેરા લાભ માટે દાવો કરાયો હોય એ રકમ કરતાં આરજીઈએસએસ પોર્ટફોલિયોનું મૂલ્ય નીચું જાય તો તેને આરજીઈએસએસ પોર્ટફોલિયો ઓછામાં ઓછો વેરા લાભ માટેની રકમ જેટલો થાય એ દિવસથી અથવા આવા વેચાણ પૂર્વે આરજીઈએસએસ પોર્ટફોલિયોનું મૂલ્ય, એ બંનેમાંથી જે ઓછું હોય તેને આરજીઈએસએસ કોમ્પ્લાયન્ટ ગણવામાં આવશે. આમ નીચે પ્રમાણે આંશિક અથવા પૂર્ણ રીતે બની શકે છે

1. બજારની ગતિવિધિઓને કારણે, આરજીઈએસએસ પોર્ટફોલિયોનું બાકી મૂલ્ય, દાવો કરેલા આરજીઈએસએસ લાભોની રકમથી નીચું ન હોય અથવા આરજીઈએસએસ પોર્ટફોલિયોનું મૂલ્ય આવી સિક્યોરિટીઝના વેચાણ પૂર્વે ઓછું હોય.
2. રોકાણકાર કેટલીક આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝ જમા કરાવે જેથી જમા કરાવ્યા બાદ આ સિક્યોરિટીઝનું મૂલ્ય દાવો કરેલા આરજીઈએસએસ લાભોની રકમથી નીચું ન જાય અથવા આરજીઈએસએસ પોર્ટફોલિયોનું મૂલ્ય આવી સિક્યોરિટીઝના વેચાણ પૂર્વે નીચું હોય.
3. રોકાણકાર સિક્યોરિટીઝ વેચી હોય એના મૂલ્યથી ઓછું મૂલ્ય ન હોય એવી આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝ ખરીદે; રોકાણકારે મહત્તમ એ રકમ પાછી લાવવાની રહેશે કે જે તેણે બજારની વધઘટનો લાભ ન મળ્યો હોય તો પણ વેચી હોય.

જો ખાતું એકવાર કોમ્પ્લાયન્ટ બન્યું હોય તો તેને બાકીના સમયગાળા માટે ત્યાં સુધી કોમ્પ્લાયન્ટ ગણવામાં આવશે, જ્યાં સુધી બીજા સોદા દ્વારા પોર્ટફોલિયોનું મૂલ્ય દાવો કરાયેલી કરની રકમથી નીચું જાય. વિવિધ પરિસ્થિતિ નીચે સ્પષ્ટ કરવામાં આવી છે




રોકાણકારે પાત્ર સિક્યોરિટીઝ પુનઃ ખરીદવાની ચિંતા ત્યારે જ કરવાની જરૂર છે, જો રોકાણકાર એ પાત્ર સિક્યોરિટીઝ કે જે ફિક્સ્ડ લોક-ઈન (વેચાણની તારીખે તેના પાત્ર સિક્યોરિટીઝના દરજ્જાની પરવા સિવાય) અથવા એ સિક્યોરિટીઝ કે જે ફિક્સ્ડ લોક-ઈન હેઠળ છે પરંતુ ઉપર પ્રારંભમાં દર્શાવ્યા પ્રમાણે ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન પાત્ર સિક્યોરિટીઝના મૂડીરોકાણના મૂલ્યાંકન માટે ગણતરીમાં લેવાયેલી સિક્યોરિટીઝ વેચે.

ઉદાહરણરૂપે એક રોકાણકારે કંપની એના **400** શેર્સના રૂા. **50,000**ના રોકાણ પર આરજીઈએસએસ હેઠળ ડિડક્શનનો દાવો કર્યો છે અને કંપની એના અતિરિક્ત **200** શેર્સ પણ ખરીદ્યા છે (આ અતિરિક્ત ખરીદી ફિક્સ્ડ લોક-ઈન કે ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડમા કરાયેલી હોઈ શકે છે) તો (એ) ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડમાં કંપની એના **200** શેર્સ સુધીના કોઈ પણ વેચાણને એમ ગણવામાં આવશે કે રોકાણકારે કંપની એના **200** અતિરિક્ત શેર્સ વેચ્યા છે, નહિ કે મૂળ ફિક્સ્ડ લોક-ઈનમાં રાખવામાં આવેલા **400** શેર્સમાંથી. એટલે કે રોકાણકારે એ શેરો પુનઃ ખરીદવાની દરકાર કરવાની જરૂર નથી. (બી) આના બદલે, જો આવો રોકાણકાર એ કંપનીના **300** શેર્સ વેચે છે તો રકમ ફરી એટલી કરવા (જો બાકી રહેલા પોર્ટફોલિયોનું મૂલ્ય આરજીઈએસએસ હેઠળના દાવા કરતાં નીચું જાય) નિરીક્ષણ હેઠળ આવશે અને વેચાણ પૂર્વે એ કંપનીના **600** શેર્સના મૂલ્યને મૂડીરોકાણ પોર્ટફોલિયોનું મૂલ્ય ગણવામાં આવશે.

જો આરજીઈએસએસ પોર્ટફોલિયોનું મૂલ્ય ફ્લેક્સિબલ લોક-ઈન હેઠળની પાત્ર સિક્યોરિટીઝના બજાર મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે ઘટશે અને રોકાણકાર ઉપર જણાવ્યા પ્રમાણે પાત્ર સિક્યોરિટીઝનું વેચાણ કરશે, તો ડિમેટ એકાઉન્ટ એ દિવસથી કોમ્પ્લાયન્ટ ગણવામાં આવશે જે દિવસે પોર્ટફોલિયોનું મૂલ્ય કલમ **80** સીસીજી હેઠળ ડિડક્શનને પાત્ર મૂડીરોકાણની સમકક્ષ થાય અથવા મૂડીરોકાણ પોર્ટફોલિયોનું મૂલ્ય આવા વેચાણ પૂર્વે ઓછું હોય તેમ છતાં આવી પાત્ર સિક્યોરિટીઝની ખરીદી આવા વેચાણ બાદ ન કરાઈ હોય.

- **જો હું 'ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ'માં પાત્ર સિક્યોરિટીઝનું ટ્રેડિંગ (વેચાણ/ખરીદી) ન કરું તો શું થશે?**

જો તમે **'**ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ**'**માં પાત્ર સિક્યોરિટીઝનું ટ્રેડિંગ **(**વેચાણ**/**ખરીદી**)** ન કરો તો તમારું આરજીઈએસએસ ડિમેટ એકાઉન્ટ, તેમાં ધારણ કરાયેલી સિક્યોરિટીઝના મૂલ્યને ધ્યાનમાં લીધા વિના કોમ્પ્લાયન્ટ રહેશે.

- **ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડના અંતે મારા ડિમેટ એકાઉન્ટનું શું થશે?**

તમારું આરજીઈએસએસ માટે નિયુક્ત ડિમેટ એકાઉન્ટ ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડના અંતે નિયમિત કે સામાન્ય ડિમેટ એકાઉન્ટમાં ફેરવવામાં આવશે અને તેમાંની સિક્યોરિટીઝને મુક્તપણે ટ્રાન્સફર કરી શકાશે.

## V. દેખરેખ અને દંડ

- **મારે આરજીઈએસએસ પાત્ર સિક્યોરિટીઝનું મૂલ્યાંકન સ્કીમની જોગવાઈઓના પાલન માટે કરવું જોઈએ?**

ના. તમારા આરજીઈએસએસ પોર્ટફોલિયોમાં સિક્યોરિટીઝના દિવસે દિવસના મૂલ્યાંકન અને **270** દિવસ વગેરેના પાલન પર દેખરેખનું કામ ડિપોઝિટરીઝ/ ડિપોઝિટરી પાર્ટિસ્પન્ટ **(**ડીપી**)** દ્વારા કરવામાં આવશે અને એ માહિતી ડીપી પાસેથી મેળવી શકાય છે. જોકે તમે તમારા ડિમેટ એકાઉન્ટમાં કરવામાં આવેલી સિક્યોરિટીઝની એન્ટ્રીઓ/ વેલ્યુએશન ચકાસી જોવી જોઈએ અને જો વિસંગતિ જોવા મળે તો તત્કાળ એ બાબતે ડીપીને જાણ કરવી જોઈએ.

- **હું કરકપાતનો દાવો કઈ રીતે કરી શકું?**

તમે નવા રિટેલ રોકાણ તરીકેના પ્રમાણપત્ર અને ડીપી દ્વારા તમારા ખાતાના વાર્ષિક સ્ટેટમેન્ટને ડીપી દ્વારા આવકવેરા ડિપાર્ટમેન્ટને પૂરું પાડવામાં આવે છે. તમારે આ વિગતો જ્યારે આવકવારાનું રિટર્ન ફાઈલ કરો ત્યારે દર્શાવવાની રહે છે.

- **મને નવા રિટેલ રોકાણકાર તરીકેનું સર્ટિફિકેટ અને ખાતાનું વાર્ષિક એકાઉન્ટ સ્ટેટમેન્ટ કોણ આપશે?**

નવા રિટેલ રોકાણકાર તરીકેનું સર્ટિફિકેટ અન્ય ડિપોઝિટરીઝ અને એક્સચેન્જો સાથેની તમારી માહિતીની સત્યતા ચકાસ્યા બાદ સંબંધિત ડીપી દ્વારા ઈશ્યુ કરવામાં આવશે. સર્ટિફિકેટ ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યાની તારીખથી એક મહિનાની અંદર ઈશ્યુ કરવામાં આવશે. જોકે આ સમયગાળો ઘટાડવાની પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

તમે તમારા ડીપીને નવા રિટેલ રોકાણકાર તરીકેનું સર્ટિફિકેટ આપવાનું કહી શકો કે ડીપી દ્વારા ઓફર કરાયેલી વેબ સુવિધા ( આ દિશામાં પ્રયત્નો ચાલી રહ્યા છે) મારફત ડાઉનલોડ કરી શકો.
ખાતાનું વાર્ષિક સ્ટેટમેન્ટ સ્કીમના નિયમોના પાલનના નિર્દેશ સહિત તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ દ્વારા પૂરૂં પાડવામાં આવશે.

- **જો હું આરજીઈએસએસની શરતોનો ભંગ કરું તો કેટલો દંડ થાય છે?**

જો કરદાતા કોઈ પણ આગલા વર્ષ (બે વર્ષના ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ સહિત) આરજીઈએસએસ હેઠળ નિર્ધારિત કોઈ પણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો આવા આગલા વર્ષ દરમિયાન મૂળ આપવામાં આવેલા કરકપાતને કરદાતાની આવક ગણવામાં આવશે અને આવા આગલા વર્ષના સંબંધિત આકારણી વર્ષમાં તેના પર કર ભરવો પડશે.

ઉદાહરણ
જો કરદાતા આરજીઈએસએસના બીજા વર્ષ દરમિયાન (એટલે કે ફ્લેક્સિબલ લોક-ઈનના પ્રથમ વર્ષે)કોઈ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જશે, તો તેણે કલમ **80**સીસીજી (આરજીઈએસએસ) હેઠળના દાવા માટે કરેલા સંપૂર્ણ મૂડીરોકાણ (માત્ર ઘટ માટેનું નહિ) પર એ વર્ષે કર ચૂકવવો પડશે.

- **વિભિન્ન પ્રકારની કોર્પોરેટ એક્શન્સ, જેવી કે સ્પ્લિટ, કોન્સોલિડેશન, બોનસ, રાઈટ્સ, વગેરેની અસર ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડ દરમિયાન કેવી રહેશે?**

જો કોર્પોરેટ એક્શન્સ કે જ્યાં રોકાણકારને પસંદગી કરવાની તક ન હોય (અનૈચ્છિક હોય), જેમ કે સ્પ્લિટ/ ડીમર્જર વગેરેને કારણે આરજીઈએસએસ મૂડીરોકાણમાં કોઈ ફેરફાર થાય તો ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન ખાતાના કમ્પ્લાયન્સના દરજ્જામાં કોઈ અસર નહિ થાય. બોનસ શેર વગેરેના કિસ્સામાં વધારાના ફાળવાયેલા શેરોને ખાતામાંની વર્તમાન આરજીઈએસએસ સિક્યોરિટીઝના પ્રમાણમાં આરજીઈએસએસ સિક્યોરિટીઝ ગણવામાં આવશે. આવી સિક્યોરિટીઝ મૂળ સિક્યોરિટીઝની જેમ જ લોક-ઈન (ફિક્સ્ડ/ફ્લેક્સિબલ) શ્રેણી રહેશે.
જો રોકાણકારને પસંદનો વિકલ્પ અપાયો હોય એવા કોર્પોરેટ એક્શન્સના કિસ્સામાં આરજીઈએસએસ મૂડીરોકાણમાં કોર્પોરેટ એક્શન્સને કારણે કોઈ ફેરફાર થાય અને તેને પરિણામે ફ્લેક્સિબલ લોક-ઈન દરમિયાન સિક્યોરિટીઝમાં ઘટાડો (ડેબિટ) થાય તો તેને વેચાણના સોદા તરીકે ગણવામાં આવશે. સેબીએ રોકાણકારની પસંદની ઉલબ્ધીના આધારે આરજીઈએસએસ હેઠળ કોર્પોરેટ એક્શન્સની છૂટ આપી છે. આરજીઈએસએસ હેઠળ છૂટ ધરાવતાં કોર્પોરેટ એક્શન્સ માટે સેબીની પરિચાલન માર્ગદર્શિકા જુઓ.

- **સ્કીમ પર દેખરેખ કઈ રીતે રાખવામાં આવે છે?**

ડિમેટ એકાઉન્ટ્સ ખોલવા માટે પેન ફરજિયાત છે. આરજીઈએસએસનું મોનિટરિંગ મુખ્યત્વે પેન વિગતોના આધારે કરવામાં આવે છે. પ્રત્યેક ક્લાયન્ટને બ્રોકર દ્વારા યુનિક ક્લાયન્ટ કોડ (યુસીસી) આપવામાં આવે છે, જે ક્લાયન્ટના પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પેન) સાથે જોડાયેલો હોય છે અને આથી, ડિપોઝિટરીઝ અને એક્સચેન્જોની માહિતીના આધારે ડિપોઝિટરીઝ

આસાનીથી એ ચકાસી શકે છે કે કોણ નવો રોકાણકાર છે. નવા રિટેલ રોકાણકાર તરીકેનું સર્ટિફિકેટ ડિપોઝિટરીઝ દ્વારા, સંબંધિત ડીપી મારફત અન્ય ડિપોઝિટરી તેમ જ સ્ટોક એક્સચેન્જીસ દ્વારા લાભાર્થીએ ઈક્વિટી/ ડેરિવેટિવ્ઝમાં અગાઉ ટ્રેડિંગ કર્યું છે કે નહિ તેની આંતરિક ચકાસણી અને ક્રોસ વેરિફિકેશન કર્યા બાદ ઈશ્યુ કરવામાં આવશે. ડિપોઝિટરીઝ સંબંધિત ડીપી મારફત આરજીઈએસએસ પોર્ટફોલિયોનું વેલ્યુએશન પણ પૂરુ પાડશે અને ફ્લેક્સિબલ લોક-ઈન પિરિયડની નિર્ધારિત શરતોને સુસંગત છે કે નહિ એ પણ ચકાસશે. આરજીઈએસએસમાં જોડાનારા પેનધારકોની આવકની વિગતો આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા તેના ઈલેક્ટ્રોનિક ડેટાબેઝ પર ચકાસી શકે છે. એ ઉપરાંત આરજીઈએસએસ લાભાર્થીઓની વિગતો સંબંધિત ડિપોઝિટરીઝ દ્વારા આઈટી ડિપાર્ટમેન્ટને નાણાકીય વર્ષના અંતે આપવામાં આવશે.

- **વધુ વિગતો માટે મારે ક્યાં સંપર્ક કરવો?**

| | | |
|---|---|---|
| **બીએસઈ**<br>શ્રી યોગેશ બામ્બર્ડેકર<br>ડેપ્યુટી જનરલ મેનેજર<br>14મે માળે, પી.જે. ટાવર્સ, દલાલ સ્ટ્રીટ,<br>ફોર્ટ, મુંબઈ - 400 001.<br>ફોનઃ +91-22-22728286<br>ફેક્સ નંબર ઓફિસઃ +91-22-22721338<br>ઈમેઈલઃ<br>yogesh.bambardekar@bseindia.com | **એનએસઈ**<br>શ્રી યુવરાજ પાટીલ<br>મેનેજર<br>નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.<br>એક્સચેન્જ પ્લાઝા,<br>પ્લોટ નં. સી/1, જી બ્લોક,<br>બાંદ્રા- કુર્લા કોમ્પ્લેક્સ<br>બાંદ્રા (પૂર્વ)<br>મુંબઈ - 400 051<br>ફોનઃ 022-26598380<br>ફેક્સઃ 022-2698315<br>ઈ-મેઇલઃ<br>ypatil@nse.co.in | **સીડીએસએલ**<br>શ્રી ફારોખ પટેલ<br>આસિ. વાઈસ પ્રેસિડન્ટ<br>સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિ.<br>16મે માળે, ફિરોઝ જીજીભોય ટાવર્સ,<br>દલાલ સ્ટ્રીટ, મુંબઈ 400001<br>ફોનઃ 022-22723333 ફેક્સઃ 022-22723199<br>ઈ-મેઇલઃ<br>rgess@cdslindia.com |
| **એનએસડીએલ**<br>શ્રી એસ. ગણેશ, સિનિયર<br>વાઈસ પ્રેસિડન્ટ, ઈન્વેસ્ટર રિલેશનશીપ સેલ<br>નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિ.,<br>ટ્રેડ વર્લ્ડ, એ વિંગ, ચોથે માળે,<br>કમલા મિલ્સ કમ્પાઉન્ડ, | **સેબી**<br>શ્રી બિશ્વજીત ચૌધરી, ડીજીએમ<br>સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા,<br>સેબી ભવન, પ્લોટ નં. સી4-એએસ ``જી'' બ્લોક,<br>બાદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, | **મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ**<br>જોઈન્ટ સેક્રેટરી<br>કેપિટલ માર્કેટ ડિવિઝન<br>મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ<br>નોર્થ બ્લોક, ન્યુ દિલ્હી<br>ફોનઃ 2309 5246<br>ફેક્સઃ 2309 4413 |

| | | |
|---|---|---|
| સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ,<br>મુંબઈ - 400 013<br>બોર્ડ ફોનઃ (022) 2499 4200<br>ફેક્સઃ (022) 2497 6351<br>ઈ-મેઇલઃ<br>relations@nsdl.co.in | બાદ્રા (પૂર્વ) મુંબઈ - 400 051<br>ફોનઃ 022- 2644 9725<br>ફેક્સઃ 022-2644 0939 / 9027<br>ઈ-મેઇલઃ<br>biswajitc@sebi.gov.in | ઈ-મેઇલઃ<br>rgess.2012@gmail.com |
| **એમસીએક્સ-એસએક્સ**<br>શ્રી રાકેશ શાહ<br>વાઈસ પ્રેસીડન્ટ<br>એમસીએક્સ સ્ટોક એક્સચેન્જ લિ.<br>એક્સચેન્જ સ્ક્વેર, પહેલા માળે,<br>સુરેન રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ),<br>મુંબઈ-400093.<br>ફોનઃ +91-22-6731 9000,<br>ફેક્સઃ +91-22-6731 9004<br>ઈ-મેઈલઃ rakesh.shah@mcx-sx.com | | |